આજનો સુવિચાર
વિવેક વિનાની વિદ્યાનું પરીણામ કેવળ શ્રમ હોય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૯૨ જૂનાગઢ તા.૫-૪-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

## દેશમાં કોરોનાનાં કેસોની સતત વધતી સંખ્યાથી ચિંતા : છેલ્લા ૬ મહિનાનો રેકોર્ડ તૂટયો

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૫

ભારતમાં કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૪૪૩૫ નવા કેસ નોંધાયા છે. ૨૫સપ્ટેમ્બર ૨૦૨૨ પછી આ પ્રથમ વખત છે જ્યારે એક દિવસમાં કોરોનાના આટલા કેસ નોંધાયા હોય !.



૨૫સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ એક જ દિવસમાં કોરોનાના ૪,૭૭૭ નવા કેસ નોંધાયા હતા. ત્યારથી, કોરોનાના કેસોમાં સતત ઘટાડો નોંધાયો હતો.

દેશમાં કોવિડ-૧૯ના ૪૪૩૫ નવા કેસ સાથે સક્રિય કેસની સંખ્યા ૨૩હજારને વટાવી ગઈ છે. હાલમાં દેશમાં કોરોનાના ૨૩૦૯૧ દર્દીઓની સારવાર ચાલી રહી છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા બહાર પાડવામાંઆવેલા તાજેતરના આંકડા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં ૧૧ દર્દીઓના મોત થયા છે, જે આ વર્ષમાં સૌથી વધુ છે. વર્ષ ૨૦૨૩માં આ પ્રથમ વખત છે જ્યારે મૃત્યુઆંક ડબલ ડિઝીટને પાર કરી ગયો છે.

મહારાષ્ટ્રમાં કોરોનાને કારણે સૌથી વધુ ૪ લોકોના મોત થયા છે. તે જ સમયે, ચંદીગઢ, દિલ્હી, ગુજરાત, હરિયાણા, રાજસ્થાન, પુડુચેરી અને કર્ણાટકમાં ૧-૧ વ્યક્તિનું મૃત્યુ થયું છે. હાલમાં, દૈનિક પોઝિટિવિટી રેટ ૩.૩૮ ટકા છે.

દેશમાં રસીકરણ અભિયાન હેઠળ, છેલ્લા ૨૪ કલાકમાં ૧૯૭૯ ડોઝ આપવામાંઆવ્યા હતા. તે સાથે ભારતમાં અત્યાર સુધીમાંકોરોનાના ૨૨૦.૬૬ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે. જેમાં ૯૫.૨૧ કરોડ સેકન્ડ ડોઝ અને ૨૨.૮૬ કરોડ બૂસ્ટર ડોઝ પણ સામેલ છે.

દેશમાં કોરોનામાંથી રિકવરી રેટ ૯૮.૭૬ ટકા છે. અને સક્રિય કેસ ૦.૦૫ ટકા છે. આંકડાઓ અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં ૨૫૦૮ લોકો કોરોનામાંથી સ્વસ્થ થયા છે અને સાજા થયેલા દર્દીઓની કુલ સંખ્યા ૪.૪૧ કરોડ પર પહોંચી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧,૩૧,૦૮૬ લોકોના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે, જેની સાથે દેશમાં અત્યાર સુધીમાં કોરોના ટેસ્ટનો આંકડો ૯૨.૨૧ કરોડ થઈ ગયો છે.

### કોરોનાનાં લક્ષણો હોવા છતાં ૭૬ ટકા લોકો તપાસ કરાવતા નથી

નવી દિલ્હી તા. ૫ : કોરોનાના લક્ષણોહોવા છતાંલોકો ટેસ્ટ કરાવી રહ્યા નથી. સ્થાનિક સુત્રો દ્વારા કરવામાં આવેલા સર્વે મુજબ, ૭૬ ટકા લોકોમાં લક્ષણો હોવા છતાં પણ કોરોના માટે ટેસ્ટ નથી થઈ રહ્યા. છેલ્લા દિવસોમાં દેશમાં એક દિવસમાં ૩૬૦૦ અને ૩,૮૨૪ નવા કેસ નોંધાયા છે. છેલ્લા ૪ અઠવાડિયામાં કોરોનાના નવા કેસોમાં લગભગ ૪૫૦ ટકાનો વધારો થયો છે. દિલ્હી અને NCR શહેરોના ઘણા જિલ્લાઓમાં ચેપનો દર ૧૦ ટકા થી ૨૫ ટકા સુધીનો છે. આ સ્થિતિ એવીછે જયારે મોટાભાગના લોકોકોરોના ટેસ્ટ કરાવીરહ્યાંનથી. જો દરેક વ્યકતિનો કોરોના ટેસ્ટ કરાવવામાં આવે તો નવા કેસ ખૂબ વધી શકે છે.

### ગુજરાતનાં એક બંદર ખાતે ચીનનાં નાગરીકોની વ્યાપક હાજરી : સુબ્રમણયમ સ્વામીનો ખુલાસો

નવી દિલ્હી તા.૫ : ભાજપના રાજયસભાનાં સાંસદ તરીકે રહી ચુકેલા સુબ્રમણયમ સ્વામીએ વધુ એક વખત મોદી સરકાર પર આકરો પ્રહાર કર્યો હોય તેમ એક ટવીટમાં એમ કહ્યું કે ગુજરાતનાં એક ખાનગી બંદર પર ચીનનો દબદબો છે. અને મોટી સંખ્યામાં ચીની નાગરીકો મૌજુદ છે. કેન્દ્ર સરકાર સામે ચીન મામલે ભુતકાળમાં અનેક વખત પ્રહાર કરી ચુકેલા સુબ્રમણયમ સ્વામીએ ટવીટમાં એમ કહ્યું છે કે દેશનાં અન્ય કોઈપણ સ્થળે મૌજુદ ચીની નાગરીકો કરતા ગુજરાતના આ ખાનગી બંદરે સંખ્યા ઘણીવધુ છે. એકટવીટર યુઝરનેજવાબમાં સુબ્રમણયમ સ્વામીએ આમ કહ્યું હતું સમાચારનો હવાલો આપ્યો હતો કે મુંદ્રા પોર્ટનાં ટર્મીનલની ડીલ ભારતની સુરક્ષા એજન્સીઓનાં નિશાને પર છે.સ્વામીનાં કહેવા પ્રમાણે આ બંદર હિન્દ મહાસાગરમાં ઘુસણખોરી માટેનો સરળ માર્ગ છે. ટવીટર યુઝર દ્વારા ટવીટમાં ધ હિન્દુ'ના રીપોર્ટનો હવાલો અપાયો હતો. જેમાં મુંદ્રા પોર્ટની માલીકી ચીની કંપનીને સોંપવાની તૈયારી અને તેને પગલે ભારતીય સુરક્ષા એજન્સી એલર્ટ મોડ પર હોવાનો નિર્દેશ હતો. અદાણી ગ્રુપનાં ફ્રેંચ ભાગીદાર સીએમએ ટર્મીનલ તથા ચીન સરકારની કંપની ચાઈનીઝ મર્ચન્ટ ગ્રુપ વચ્ચે ટર્મીનલનાં હસ્તાંતરણનો કરાર થયો હતો.

## દેશની ૨૮ ટકા શાળાઓમાં રમત-ગમતનું મેદાન નથી : ૧.૧૩ લાખ શાળામાં વીજ કનેકશન નથી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૫

દેશના ૨.૮૦ લાખ સરકારી શાળામાં બાળકોના રમવા માટેરમત ગમતનું મેદાન પણ નથી જયારે૧.૧૩ લાખથી વધુ શાળા સુધીવીજળી પણ પહોંચી શકીનથી. એવામાં ખેલેગા ઈન્ડીયા તભી બઢેગા ઈન્ડીયાના નારા અને બાળકોના હાથમાં કોમ્પ્યુટરનાદાવા પોકળ સાબિત થઈરહ્યા છે.

આરટીઈ અધિનયમ-૨૦૦૯ હેઠળ શાળા પાસે માળખાકિય સુવિધાવાળી ઈમારત તેમજ રમતનું મેદાન હોવું જોઈએ. લોકસભામાં સાંસદોએ આ મુદા પર સવાલ કર્યા તો કેન્દ્રીય શિક્ષા મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન જણાવ્યું કે દેશભરમાં ૧૦.૨૨ લાખથી વધુ સરકારી શાળા છે. તેમાંથી અંદાજે ૨.૮૦લાખ એટલે કે ૨૮ ટકામાં રમતના મેદાન નથી. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે શિક્ષા સંવિધાનની સમવર્તી યાદી સાથે જોડાયેલો એક વિષય છે. વધુ પડતી શાળા રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોના અધિકાર ક્ષેત્રમાં આવે છે. આરટીઈ અધિનિયમ ૨૦૦૯ હેઠળ શાળામાં સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની જવાબદારી રાજય સરકારની છે. શિક્ષા મંત્રાલય દ્વારા ગયા વર્ષે જાહેર થયેલા રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે દેશના ૯૦ ટકા સરકારી શાળામાં બાળકોને ટ્રેનિંગ આપવા અંતે કોમ્પ્યુટર નથી.આ ઉપરાંત ૬૬ ટકા શાળા ઈન્ટરનેટની પહોંચથી દૂર છે. સમગ્ર શિક્ષા યોજના હેઠળ ૪૫૯૦ કરોડ રૂપિયા અને ૧.૨૦ લાખ શાળામાં વીજળી કનેક્શન માટે ૬૦ કરોડ મંજુર કરવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારે એક વર્ષ પહેલા રાજયોને



પત્ર લખીને શાળામાં વીજ કનેક્શન પહોંચાડવાના પહોંચાડવાની સલાહ આપી હતી.

ઓનલાઈન કલાસના સમયમાં દેશના ૧.૧૩ લાખથી સરકારી શાળામાં વીજળી કનેક્શન નથી. બીજી બાજુ ઈન્ટરનેટ તો દૂર કમ્પ્યુટર ચલાવાની સુવિધા નથી. આ ઉપરાંત શાળામાં પીવાનું પાણી, હાથ ધોવા માટે સ્થળોનું નિર્માણ, યુવક યુવતીઓ માટે અલગ અલગ શૌચાલય, સેનેટરી પેડ, ચાલુ વીજળી કનેક્શન અને નેટ વાયફાયનીસુવિધા, વર્ગોમાં યોગ્ય ફર્શ અને ચાર દીવાલ અને રમત ગમ્મતનું મેદાન હોવું જરૂરી છે.

## દેશમાં કમોસમી વરસાદ છતાં ઘઉંનું રેકોર્ડબ્રેક ઉત્પાદન થશે

(દિલ્હી બ્યુરો) નવીદિલ્હી તા.૫

કેન્દ્ર સરકારે કહ્યું હતું કે તાજેતરનાં દિવસોમાં અનેક રાજયોમાં કમોસમી વરસાદ પડવાથી ઘઉંના ૮-૧૦ ટકા પાકને નુકસાન થયું હોવાનો અંદાજ છે. જોકે સિઝનના અંતે જે વિસ્તારોમાં વાવેતર થયું છે ત્યાં ઘઉંનો સારો પાક થવાની ધારણા છે તે જોતા આ નુકસાન સરભર થઈ જશે.

કૃષિ કમિશ્નર પી.કે. સિંઘે કહ્યું હતું કે કમોસમી વરસાદ છતાં દેશમાં આ વર્ષે વિક્રમજનક ૧૧.૨૨ કરોડ ટન ઘઉંનું ઉત્પાદન થશે તેવો અંદાજ છે. છેલ્લા કેટલાક સપ્તાહમાં પંજાબ, હરિયાણા, ઉતરપ્રદેશ અને મધ્ય પ્રદેશ જેવા ઘઉંનું ઉત્પાદન કરતા રાજયોમાં કમોસમી વરસાદ પડયો છે અને ભારે પવન પણ ફૂંકાયો છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે આમ થયું છે.

ઘઉંનો પાક લણવા માટે લગભગ તૈયાર હતો તેવા સમયે જ આ વરસાદને કારણે પાકને નુકસાન થયું છે. સતાવાર ડેટા અનુસાર મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉતર પ્રદેશમાં ઘઉંનું વાવેતર થયુ હોય તેવા ૫.૨૩ લાખ હેકટર વિસ્તારમાં કમોસમી વરસાદથી નુકશાન થયું છે.

કે.પી. સિંઘે આ રાજયોના સીનિયર અધિકારીઓ સાથે સમીક્ષા કર્યા બાદ કહ્યું હતું કે, કેટલાક વિસ્તારોમાં પાકને નુકસાન થયું છે ૮-૧૦ ટકા પાકને નુકસાન થયું છે. દેશમાં આ વર્ષે ૩.૪ કરોડ હેકટરમાં ઘઉંનું કુલ વાવેતર થયું છે તે જોતા આટલું નુકસાન બહુ વધારે નથી. બીજી તરફ કેટલાક એવા વિસ્તારો પણ છે જયાં વરસાદ તો પડયો છે પરંતુ પવન નથી ફૂંકાયો ત્યાં સિઝનના અંતે થયેલા વાવેતરને ફાયદો થયો છે.

૧૫ એપ્રિલ બાદ નવા જંત્રી દર અમલમાં આવશે : દસ્તાવેજ નોંધાવવા ભારે ધસારો

## ગુજરાત સરકારની તિજોરી છલકાઈ : સ્ટેમ્પ ડયુટીની આવકમાં ૫૭ ટકાનો તોતીંગ વધારો

ગાંધીનગર તા.૫ : ગુજરાતમાં આગામી ૧૫ એપ્રિલ પછી મિલકત જંત્રીદરમાં બદલાવ આવવાનો છે અને જંત્રીદરમાં વધારો થવાનું જાહેર કરાયું છે. ત્યારે રાજયમાં મિલકતનાં રજીસ્ટ્રેશન-દસ્તાવેજ માટે જબરો ઘસારો છે.જેને પગલે રાજય સરકારની આવકમાં ૫૭ ટકાનોમોટો વધારો છે.નવા જંત્રીદર લાગુ થવાને આડે હવે માંડ ૧૦ દિવસ બાકી રહ્યા છે.

ઉંચા દરથી બચવા તથા વર્તમાન દરે જ રજીસ્ટ્રેશન કરાવવા માટે કેટલાંક દિવસોથી ઘસારો છે.દસ્તાવેજ નોંધણી માટે સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં લગભગ તમામ સ્લોટ ફુલ છે આ સ્થિતિમાં સરકારની સ્ટેમ્પ ડયુટી-રજીસ્ટ્રેશન ફીની આવકમાં મોટો વધારો થયો છે.જાન્યુઆરીથીમાર્ચનાં ત્રિમાસીક ગાળાની આ આવક રૂા.૪૮૭૬ કરોડે પહોંચી છે.

૨૦૨૨ ના આ ગાળાની આવકની સરખામણીએ ૫૭ ટકા વધુ છે.ગુજરાતમાં જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૨ માં ૪,૩૬,૬૬૫ મિલ્કતોની નોંધણી થઈ હતી. તે આ વખતે૧૮ટકા વધીને ૫,૧૫,૧૧૬ થઈ છે.આમાંથી ૬૦ તી ૭૦ ટકા હિસ્સોઅમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરા જેવા ચાર મહાનગરોનો જ છે.

## ૨૦૨૧માં ભારતમાં ૧.૬૪ લાખ લોકોએ આત્મહત્યા કરી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૫

આત્મહત્યા એ એક ખૂબ જ ગંભીર શારીરિક, મનોવૈજ્ઞાનિકઅને સામાજિક સમસ્યા છે.લોકો નાની નાની વાતમાં પોતાનું જીવન ટુંકાવવા લાગ્યા છે.

લોકોને કઈ વાત ક્યારે દિલ પર આજકાલલાગી જાય એ કહીશકાતું નથી. ભારતમાંદર ૧૨ મિનિટે એક વ્યકતિ આત્મહત્યા કરે છે તો વિશ્વમાં દરરોજ ૧૫૦૦ લોકો આપઘાત કરી લે છે.

વર્ષ ૨૦૨૧ નાં NCRBના રીપોર્ટ મુજબ કુલ ૧,૬૪,૦૩૩ લોકોએ આત્મહત્યા કરી હતી જે ૨૦૨૦ કરતા આપઘાતના બનાવમાં૧૨.૦ ટકાનો વધારોથયો છે. થોડા કલાકો પહેલાજ આપઘાતના ત્રણ બનાવો બન્યાહતા જેમાંએક યુવતી અને બે યુવાનોએ જેરી દવા ઘટઘટાવી પોતાનું જીવન ટુંકાવ્યું હતું.ત્યારે ફરી એકવાર આવીજ એક આપઘાતની ઘટના સામે આવી છે.

એકલા ભારતમાં વર્ષે એક લાખથી વધુ આત્મહત્યા થાય છે તેમજ આપઘાત કરનારા ૯૦ ટકા લોકોને માનસિક બિમારી હોય છે. આત્મહત્યાના ઘણાકારણો હોઈ શકે છે. જેમકે વધુ ઉંમર, વૃદ્ધાવસ્થા, દારૂ-અફિણ કે નશીલા બ્રાઉન સુગરનું વ્યસન, તેમજ વ્યકતિએ ભૂતકાળમાં આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોય, ડિપ્રેશન, સ્કિઝોફેનિયા, સનેપાત જેવી માનસિક બિમારી હોય, કૌટુંબિક મદદનો અભાવ હોય વગેરે.ત્યારે મંગળવારે રાજકોટના ઉપલેટા વિસ્તારમાં રહેતી એક યુવતીએ અગમ્ય કારણોસર પોતાનું જીવન ટુંકાવ્યું છે.

### વિશ્વનાં ટોપ-૧૦ અબજોપતિની યાદીમાં મુકેશ અંબાણી ૯માં સ્થાને : એશિયાનાં સૌથી ધનિક વ્યકિત

વોશિંગ્ટન તા. ૫

ફોબર્સે ૪ એપ્રિલના રોજ વિશ્વના અબજોપતિઓની તેમની ૩૭મી વાર્ષિક યાદી બહાર પાડી. આ યાદીમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર મુકેશ અંબાણીએ સતત બીજા વર્ષે ટોપ-૧૦માં સ્થાન મેળવ્યું છે. તેઓ ૨૦૨૩માં $૮૩.૪ બિલિયન ડોલરની નેટવર્થ સાથે ૯મા ક્રમે રહ્યાં, જ્યારે ૨૦૨૨માં તેઓ $૯૦.૭ બિલિયનની નેટવર્થ સાથે ૧૦મા ક્રમે હતાં. મુકેશ અંબાણી એશિયાનાસૌથી અમીર વ્યક્તિ છે. આ વર્ષની યાદીમાં મુકેશ અંબાણી માઈક્રોસોફ્ટના સ્ટીવ બાલ્મર, ગૂગલના લેરી પેજ અને સર્ગેઈ બ્રિન, ફેસબૂકના માર્ક ઝકરબર્ગ અને ડેલ ટેક્નોલોજીના માઈકલ ડેલથી આગળ છે.

## અંદાણી અંગેનો સેબીનો તપાસ રીપોર્ટ સુપ્રિમ કોર્ટની પેનલને સોંપાયો

(મુંબઈ બ્યુરો)

મુંબઈ તા.૫

અદાણી ગ્રુપમાં ગેરરીતિનાં આક્ષેપો બાદ કોર્પોરેટ જગતથી લઈને રાજકારણ સુધીનાં તીવ્ર પ્રત્યાઘાતો હજૂ શાંત થયા નથીત્યારે સર્વોચ્ચ અદાલતે નિયુકત કરેલી ૬ સભ્યોની સમિતિ સમક્ષ પેશ થઈને શેરબજાર નિયમનકાર સેબીના વડાએ વિસ્તૃત રિપોર્ટ પેશ કર્યો છે.આ ઘટનાક્રમને ઘણો મહત્વપૂર્ણ ગણવામાં આવી રહ્યો છે. સેબીના વડા માધવીપુરી બુચ સુપ્રિમ કોર્ટ સમક્ષ રૂબરૂ પેશ થયા તે મહત્વનું છે અન્યથા સામાન્ય રીતે જરૂરીયાત વિના રૂબરૂ હાજર થતા નથી. સર્વોચ્ચ અદાલતે સેબીને તપાસ કરવાની સુચના આપી હતી.

સાથોસાથ પેનલને પણ જરૂરી માહિતી-વિગતો આપવાની તાકીદ કરી હતી. સુત્રોના કહેવા પ્રમાણે સેબી વડાએ સુપ્રિમ કોર્ટ નિયુકત પેનલ સમક્ષ અદાણીની તપાસ અંતર્ગત વિસ્તૃત પ્રેઝન્ટેશન પેશ કર્યું હતું. અદાણી ગ્રુપની લીસ્ટેડ તથા ખાનગી કંપનીમાં તથા તેના વ્યવહારો વિશેની માહીતી આપવામાં આવી હતી. આ સિવાય અદાણી ગ્રુપની વિદેશી કંપનીઓ, વિદેશી સંસ્થાકીય ઈન્વેસ્ટરોનુ ગ્રુપ કંપનીઓમાં રોકાણ ફલોટીંગ સ્ટોક વગેરે વિગતો પણ રજુ કરવામાં આવી હતી.

આયુષ્માન કાર્ડ હેઠળ જોઈન્ટ રીપ્લેસમેન્ટનાં
ઓપરેશન "તદ્દન ફ્રી"
PM-JAY



ડો. પ્રતિક ટાંક
ઓર્થોપેડીક એન્ડજોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન



✓ શું તમને ઘુંટણમાં દુ:ખાવો છે?
✓ શું તમને ચાલવામાં તકલીફ છે ?
✓ શું તમને પગથીયા ચડવામાં તકલીફ થાય છે ?
✓ પલાઠી વાળીને બેસવામાં, પગ વાળવામાં તકલીફ થતી હોય.

ત્રિમૂર્તિ હોસ્પિટલ્સ - જૂનાગઢ
બસસ્ટેશન પાસે, જૂનાગઢ. (ફોન : ૦૨૮૫) ૨૬૩૧૭૩૧
વધુ માહિતી માટે સંપર્ક : ૯૫૧૦૯ ૧૫૫૦૨

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
● કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

ચાલો વિમાન દ્વારા પ્રિમીયમ એર પેકેજ
અમદાવાદ થી જતા-આવતા એર ટિકીટ
સ્ટાર કેટેગરી હોટલ • સ્વાદિષ્ટ ભોજન • સાઈટસીન
સિમલા-મનાલી-ડેલહાઉસી અમૃતસર-ખજીયાર-વાઘા બોર્ડર — અમદાવાદ થી ચંદીગઢ જતા-આવતા એર ટિકીટ — By Air 27000 Day-6, 35000 Day-9
કેરાલા-મુન્નાર-થેકડી ક.કુમારી-એલપ્પી-કોવાલમ — અમદાવાદ થી કોચીન જતા-આવતા એર ટિકીટ — 35000 Day-8
નૈનિતાલ કોર્બેટ-મસુરી-હરિદ્વાર
કાશ્મીર શ્રીનગર-વૈ. દેવી
GOA 3 Night Resort
બેંગ્લોર-ઉટી-મૈસુર-કુર્ગ • દાર્જીલીંગ-સિક્કીમ • ચારધામયાત્રા
શિવ ટ્રાવેલ્સ લીમડા ચોક રાજકોટ 93746 31854
અમદાવાદ ઓફિસ : 90163 60563

ટાઉન હોલ ભાડે મેળવવા માટે સંપર્ક કરો
વર્ધમાન ગ્રુપ દ્વારા સંચાલિત જૂનાગઢનાં સરદાર વલ્લભભાઈ પટેલ ચોકમાં આવેલ શામળદાસ ગાંધી ટાઉન હોલ, અધતન સુવિધાથી સજ્જ ૬૫૦ સીટ ધરાવતું ટાઉનહોલ તથા કોન્ફરન્સ હોલમાં ૭૫ સીટની વ્યવસ્થા, આપના લગ્ન પ્રસંગો તેમજ બર્થ-ડે પાર્ટી, સેમીનાર, નાટયગૃહ માટે તદ્દન વ્યાજબી ભાવમાં ભાડે મળશે.
મો. ૯૮૨૫૬ ૧૧૩૦૧, ૮૧૬૦૬ ૭૯૮૨૧ ૮૨૦૦૬ ૯૫૦૩૩

લકઝરીયસ ડુપ્લેક્ષ વેચવાનું છે
અધતન ફીકસ ફર્નિચર સાથે ચાર મોટા બેડરૂમ, એક મોટો સીટીંગ રૂમ, મોટો ડ્રોઈંગ રૂમ, પુજા રૂમ, સ્પેશ્યલ કીચન કમ ડાઈનીંગ, સ્વતંત્ર બોર, ૯૦૦૦ લીટર ચોમાસાના પાણી ભૂગર્ભ ટાંકો, ૯ વર્ષનું તદ્દન નવું જ પાયાથી/ કોલમથી બાંધકામ, ૧૫૨ વાર જગ્યા, ૩૭ ૩૭ ફૂટનો ચોરસ પ્લોટવાળું ઉત્તરભીમુખ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર વાળુ, આધાત્મિકતા અને ઉર્જા સાથેનું ડુપ્લેક્ષ વેચવાનું છે.
મો. ૭૫૭૫૮ ૦૬૫૮૫


Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૯ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



આજે ૫ એપ્રિલ રાષ્ટ્રીય દરિયાઈ દિવસ પૃથ્વીના ૭૧ ટકા ભાગ પર મહાસાગરો વાતાવરણની સ્વચ્છતાની જાળવણી કરવાનું કામ કરે છે : ગુજરાત રાજય સમગ્ર દેશમાં સૌથી વધુ ૧૬૬૪ કિ.મી.દરીયાકિનારો ધરાવતું વિશેષ રાજ્ય

# દરિયાઈ ક્ષેત્રમાં વિકાસ માટે બંદરો અને વહાણવટા ક્ષેત્રનું પુનરૂત્થાનઃ બેટ દ્વારકા-શિયાળબેટ ટાપુઓને પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર બનાવવા હાઈ-ફાઈ બનાવાશે : મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની આઈલેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીની બેઠકમાં નિર્ણય

**ગુજરાતના તમામ બંદરો પાસે પોતાની આગવી વિશેષતા : સુરત - લોથલ બંદરનું ઐતિહાસિક મહત્વ : દરિયાઈ જીવ સૃષ્ટિ જાણવા-માણવા પિરોટન, પિશોત્રા, નરારા ટાપુમાં ઉમટે લાખો પર્યટકો : મેરીટાઈમ બોર્ડ દ્વારા ગુજરાતના બંદરોમાં થઈ રહ્યો છે વિકાસ : વર્ષ ૨૦૨૩ના બજેટમાં નવલખી બંદરની ક્ષમતા વધારવા રૂ.૧૯૨ કરોડની ફાળવણી**






પૃથ્વીના ૭૧ ટકા ભાગ ઉપર મહાસાગરો છે. મહાસાગરો પૃથ્વીના વાતાવરણની સ્વચ્છતાની જાળવણી કરવાનું કામ કરે છે. જેમાં ભારત એ કુદરતી સંસાધનોથી ભરપૂર છે.આપણા દેશમાં પર્વતો, બારમાસી નદીઓ, બરફાચ્છાદિત પ્રદેશો, રણપ્રદેશો, ખીણો વગેરેઆવેલા છે. આ ઉપરાંત આપણા દેશની સંસ્કૃતિ પણ હજારો વર્ષો જૂની છે. આપણા ગુજરાતની વાત કરીએ તો, સમગ્ર દેશમાં સૌથી વધુ એટલે કે ૧૬૬૪ કિ.મી.દરીયા કિનારો ધરાવતુ વિશેષ રાજ્યએ ગુજરાત રાજય છે. આટલા વિશાળદરિયાકિનારાના લીધેજ ગુજરાતમાં દરિયાઈ ક્ષેત્રમાં વિકાસ માટે બંદરો અને વહાણવટા ક્ષેત્રનુંપુનરૂત્થાન માટે "ગુજરાત મેરી ટાઈમ બોર્ડ"ની સ્થાપના થઈ છે. જે અનેક નાના મોટા બંદરોનું વ્યવસ્થાપન સંભાળે છે. ગુજરાતના કંડલા, મુન્દ્રા, જાફરાબાદ, વેરાવળ એ મહત્વના વ્યાપારિક બંદરો છે તેમજ ગુજરાત પાસે નવ શિપયાર્ડ છે. ભાવનગર જિલ્લાના અલંગ ખાતે મોટા પ્રમાણમાં શીપ બ્રેકીંગ કરાય છે. છેલ્લી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટમાં પણ અનેકવિદેશી કંપનીઓ સાથે બંદરના વિકાસ માટે એમ.ઓ.યુ. થયા હતા. આ ઉપરાંત તાજેતરમાં ગુજરાત સરકારે બહાર પડેલા વર્ષ ૨૦૨૩ના બજેટમાં મોરબી પાસેના નવલખી બંદરનીક્ષમતા વધારવા રૂા.૧૯૨ કરોડની ફાળવણી કરી છે. બંદરો અને વાહનવ્યવહાર વિભાગ માટે રૂા.૩૫૧૪ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી જેનાથી પ્રવાસીઓની સગવડ વધશે અને પ્રદૂષણ- ટ્રાફિક જામ ઘટશે. સુપ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકા, સોમનાથ, પોરબંદર, માધવપુર, જોડિયા, સિકકા, જામનગર, નવલખી સહિતના અનેક વિસ્તારોમાં દરિયો આવેલો છે. જેના કારણે અનેક લોકોને મત્સ્ય આધારિત રોજગારી મળી રહી છે. રાજ્ય સરકાર દ્વારા મત્સ્ય ઉદ્યોગ ફૂલેફાલે તે માટે અનેક યોજનાઓ-પ્રકલ્પો અમલમાં છે. માછીમારી પ્રવૃતિ હવે ઉદ્યોગ બન્યો છે. આપણી ઝીંગા, પ્રોન, લોબ્સ્ટર સહિતની માછલીઓની નિકાસ મોટી સંખ્યામાં વિદેશોમાં થાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના દૂરંદેશીભર્યા નેતૃત્વમાં મત્સ્ય ઉદ્યોગનો વિકાસ થયો છે. આ ઉપરાંત કોસ્ટલ એરિયાના વિકાસના ભાગરૂપે કોસ્ટલ રોડના નવનિર્માણની દિશામાં કામ થઈ રહ્યું છે. જે પૂર્ણ થતાં ગુજરાતના દરિયાઈ માર્ગના ક્ષેત્રે એક નવલું નજરાણું લોકોને પ્રાપ્ત થશે. આ કોસ્ટલ રોડના નિર્માણનો મુખ્ય હેતુ દરિયાના એક કિનારેથી બીજા કિનારા વચ્ચે સંપર્ક તૈયાર કરવાનો છે. જેના લીધે સમય અને પૈસાની બચત થશે. આ ઉપરાંત મત્સ્ય ઉદ્યોગ, બંદર ઉદ્યોગ ઉપરાંત અનેક સ્ટ્રીટ વેન્ડર્સ દરિયાઈ ચીજ વસ્તુઓ જેવી કે શંખ, છીપલા, મોતીઓના ઘરેણા બનાવી તથા વેચીને રોજગારી મેળવે છે. માધવપુર, દ્વારકા, કોવાયા, જામનગરસહીત અનેકસ્થળોએ દરિયાઈપ્રાણીના સંવર્ધન ઉછેર કેન્દ્ર ચાલી રહ્યા છે. જે પૈકી માધવપુરનું દરિયાઈ કાચબા ઉછેર કેન્દ્ર પ્રખ્યાત છે. રાજ્ય સરકાર દ્વારા ગુજરાતના દરિયાકિનારે પ્રવાસીઓને આકર્ષવા ગાર્ડન, વોશ એરિયા, સીટીંગઅરેંજમેન્ટ, એમ્યુઝમેન્ટ પાર્ક, ઉંટસવારી વગેરે જેવી મનોરંજક સવલતોનું નિર્માણ કરાયું છે. સરકારના સઘન પ્રયાસોથી પ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકાની બાજુમાં આવેલા શિવરાજપુર બીચને આંતરરાષ્ટ્રીય સ્તરે 'બ્લુ ફ્લેગ'નો દરજ્જો મળ્યો છે. હાલમાં શિવરાજપુર બીચ પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. દ્વારકાથી બેટ દ્વારકા જવા અત્યાર સુધી બોટમાં બેસીને જવાતું હતું પરંતુ હવે આ માર્ગે 'સિગ્નેચર બ્રીજ' બની રહ્યો છે. જેનાથી દ્વારકાધીશના દર્શનાર્થીઓને વધુ એક સુવિધા પ્રાપ્ત થશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આઈલેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીની બેઠક યોજાઈ હતી જેમાં સૌરાષ્ટ્રમાં આવેલા બેટ દ્વારકા અને શિયાળબેટ ટાપુઓને થાઈલેન્ડના ટાપુની જેમ હાઈ-ફાઈ બનાવી તેનો વિકાસ કરવામાં આવશે. જામનગર પાસેના લોકપ્રિય પર્યટન સ્થળ પીરોટન અને નરારા ટાપુઓનો દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાનમાં સમાવેશ થાય છે. હજારો પર્યટકો પફર ફીશ, સ્ટારફીશ, લોબસ્ટર,પરવાળા, ક્રેબ, ઝીંગા, કુકુંબર, ઓક્ટોપસ, પાપલેટ, ચુરમાઈ, શાર્ક, ઘોલ સહિતની અલભ્ય દરિયાઈ સૃષ્ટિને નિહાળી શકે તે માટે આ સ્થળોએ સરકારે ગાઈડની વિશેષ સુવિધા ઉભી કરી છે. દરિયાઈ વિસ્તારમાં નાળીયેરી ખૂબ મોટા પ્રમાણમાં થતી હોવાથી નાળીયેરી આધારિત ઉદ્યોગો થકી પણ અનેક પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન થઈ રહયું છે. ગુજરાતના નાળીયેરની અન્ય રાજ્યોમાં પણ નિકાસ થાય છે. તેમજ નાળીયેરના છોતરામાંથી વિવિધ બનાવટોનો અલગ ઉદ્યોગ વિકસ્યો છે. સૌરાષ્ટ્રમાં એકપણ બારમાસી નદી નથી, સૌરાષ્ટ્ર એ કાયમી અછતગ્રસ્ત વિસ્તાર છે. જેથી આ વિસ્તારમાં સરકારની સૌની યોજના થકી પાણી પહોંચાડવામાં આવે છે તેમ છતાંય ભારત સરકાર અને ગુજરાત સરકારે ખારા પાણીને મીઠું પાણી બનાવવા માટે દરિયાઈ વિસ્તારોમાં ડિસેલીનેશન પ્લાન્ટ બનાવવાનું શરૂ કર્યુ છે. જેના થકી પીવાના પાણીની અછતની સમસ્યા દૂર થવાની સંભાવના છે. આમ, દરિયાઈ જીવ સૃષ્ટિના સંવર્ધન માટે સરકાર દ્વારા સુયોજિત કામગીરી થઈ રહી છે. આ ઉપરાંત પાણી આધારિત વિજ ઉત્પાદન પણ થઈ રહયુ છે. આ ઉપરાંત કોસ્ટલ હાઈવેના કામો પણ ચાલી રહયા છે. જેનાથી એક દરિયાઈ વિસ્તારથી બીજા દરિયાઈ વિસ્તારમાં ઓછા અંતરે પહોંચી શકાશે.

આલેખન - પારૂલ આડેસરા, રિધ્ધિત્રિવેદી

# દેશની સૌપ્રથમ 0% એન.પી.એ.ધરાવતી ખેતી બેંક, બેંકની આ સિદ્ધિ એ સમગ્ર રાજયના બેંક સાથે જોડાયેલા લાખો ખેડૂતોની સિધ્ધિ છે : ખેતી બેંકના ચેરમેન ડોલર કોટેચા

**ખેતી બેંક દ્વારા રાજયના ખેડુતોને ગત વર્ષે અપાયેલું રૂા.૫૫૨.૯૩ કરોડનું ધિરાણ : બેંકનો ગ્રોસ નફો પહેલી વાર રૂા.૧૦૦ કરોડને પાર**

(પ્રતિનિધિદ્વારા)

રાજકોટ તા.૫

ગુજરાત સ્ટેટ કો.ઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક લી.(ખેતી બેંક)ના ચેરમેન ડોલર કોટેચાની અધ્યક્ષતામાં બેંકના બોર્ડ ઓફ ડીરેકટર્સની બેઠક મળી હતી. આ બેઠકમાં નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ના બેંકના હિસાબો રજૂ કરતાં ચેરમેનએ જણાવ્યું હતું કે બેંકે સૌ પ્રથમવાર ગ્રોસ નફો રૂા.૧૦૦ કરોડને પાર કરી રૂા.૧૦૧.૫૨ કરોડ ગ્રોસ નફો હાંસલ કર્યો છે. બેંકનું ગ્રોસ એન.પી.એ.ગત વર્ષે ૫૮.૩૭ % હતું જે આ વર્ષે ૧૩.૭૭ % થયુ છે. તેમજ નેટ એન.પી.એ. ૨૪.૩૯% હતું જેઆ વર્ષે 0% છે જે બેંક માટે ખુબ ગૌરવની બાબત છે. અને દેશની સૌપ્રથમ 0% એન.પી.એ.ધરાવતી ખેતી બેંક ગુજરાતની પ્રથમ બેંક બની છે. તેઓએવધુમાં કહ્યું હતુ કે બેંકની આ સિદ્ધિ એ સમગ્ર રાજયના બેંક સાથે જોડાયેલા લાખો ખેડૂતોની સિધ્ધિ છે. ખેતી બેંક છેલ્લા ૭૨ વર્ષથી ખેડૂતોની સાથે રહી છે અને ખેડૂતોને માટે જ કામગીરી કરી રહી છે. ખેતી બેંક દ્વારા રાજયના ખેડુતોને ગત વર્ષે રૂા.૫૫૨.૯૩ કરોડનું ધિરાણ કરવામાં આવ્યુ હતું. જયારે આ વર્ષ દરમ્યાન રૂ.૬૪૪.૧૬ કરોડનુંમાતબર ધિરાણ કરવામાં આવ્યુછે. ગત વર્ષે બેંકની શેરમુડી રૂા.૪૨.૪૩ કરોડ હતી જેમાં વધારો થઈને રૂા.૪૭.૪૨ કરોડ થયેલછે. બેંકનુંસ્વભંડોળગતવર્ષે રૂા.૫૮૯.૪૭ કરોડ હતું તેમાં વધારોથઈને રૂા.૬૧૮.૬૦કરોડ થયો છે. બેંકની કુલ આવક ગત વર્ષેરૂા.૯૧.૬૪કરોડ હતી. તેમાં માતબર વધારો થઈને આ વર્ષે રૂા.૧૭૮.૬૫ કરોડ થઈ છે. બેંકના અધિકારી/ કર્મચારીઓએ વર્ષ દરમ્યાન જે પ્રશંસનીય કામગીરી કરેલ છે તેને આજની બોર્ડ મીટીંગમાં બોર્ડ ઓફ ડીરેકટર્સ દ્વારા બિરદાવવામાં આવ્યા હતા. સમગ્ર બોર્ડ ઓફ ડીરેકટર્સે બેંકના ચેરમેન ડોલર કોટેચાના માર્ગદર્શન હેઠળ ખેતી બેંક જે પ્રગતિની દિશામાં હરણફાળ ભરી રહી છે તેને બિરદાવી હતી.




# દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદગુરૂ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજના ૨૧માં દંડ સંન્યાસ મહોત્સવની દ્વારકા શારદાપીઠ ખાતે થયેલ ઉજવણી



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૫

દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદગુરૂ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદસરસ્વતીજી મહારાજના ૨૧માં દંડ સંન્યાસ મહોત્સવની દ્વારકા શારદાપીઠ ખાતે ઉજવણી કરવામાં આવી હતી. પૂજ્ય મહારાજશ્રીના ૨૧માં દંડ સન્યાસ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષમાં વિક્રમ સંવત ૨૦૮૦ ચૈત્ર શુક્લ તેરસ તારીખ ૪ એપ્રિલ ૨૦૨૩ મંગળવારે સવારે ૧૧ કલાકે પૂજ્ય મહારાજ શ્રીની પાદુકા પૂજન બ્રહ્મચારી શ્રી નારાયણાનંદજી તથા શ્રી શારદાપીઠ પરિવાર દ્વારા કરવામાં આવ્યુંહતું.

# જામકંડોરણા તાલુકા માજી સૈનિક સંગઠન દ્વારા વન રેંક વન પેન્શન અને પેન્શનમાં વિસંગતતા બાબતે મામલતદારને આવેદન પત્ર આપવામાં આવ્યું



(હરપાલસિંહ દ્વારા)

જામકંડોરણા તા.૫

જામકંડોરણા તાલુકા માજી સૈનિક સંગઠન દ્વારા વન રેંક વન પેન્શન અને પેન્શનમાં વિસંગતતા બાબતે મામલતદારને લેખિત રજુઆત કરી હતી. વન રેંક વન પેન્શન ૨ અંતર્ગત ors સિપાહીથી લઈને હવાલદાર અને jco નાયબ સુબેદારથી લઈને સુબેદાર મેજર સુધીનાં પેન્શનમાં વિસંગતતાઓ છે. તેના માટે જંત્ર મંતર ઉપર દેશનાં વિવિધ રાજ્યોનાં માજી સૈનિકો ધરણા ઉપર બેઠા છે અને ન્યાય માટે માટે ૩૦ લાખ માજી સૈનિકો લાભ માટે તેને ન્યાય મળે તેવી માંગણીઓ લઈને વિસંગતતાઓ છે જે દૂર થવી જોઈએ. વન રેંક વન પેન્શનની કમિટી બેઠી તેમાં ઓફિસરને વધુ ફાયદો હોય તેવું જણાઈ છે. તે માટે વિસંગત્તાઓ દૂર કરવા ors ane jco કમિટી બનાવી એમને બોલાવી અને તેમને ન્યાય મળે તેવી જામકંડોરણા માજી સંગઠનદ્વારા મામલતદારને આવેદન પત્ર દ્વાર જણાવવામાં આવ્યુંછે. જે લાગણી અને માંગણી રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન સુધી પહોંચે એવું જણાવવામાં આવ્યું છે. આવેદન પત્ર આપવામાં માજી સૈનિક મંડળ પ્રમુખ જયેન્દ્રસિંહ, ઉપપ્રમુખ વિજયસિંહ અને રાજપુત સમાજ પ્રમુખ તેજુભા જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.



# ખંભાળિયાના પોશ વિસ્તારમાં લુખ્ખા દારૂડિયાઓનો ત્રાસ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જામ ખંભાળિયા તા.૫

ખંભાળિયાના પોસ વિસ્તાર એવા બેઠક રોડ - નવી લોહાણા મહાજન વાડી નજીક પડ્યા પાથર્યા રહેતા લુખ્ખા તત્વો દ્વારા દારૂ પીને ધમાલ કરતા હોવા અંગેની સવિસ્તૃત લેખિત ફરિયાદ અરજી સ્થાનિકો દ્વારા જિલ્લા પોલીસવડાને કરવામાં આવી છે. આ ફરિયાદ અરજીમાં જણાવવાયા મુજબ ખંભાળિયા શહેરના મહત્વના એવા આનંદ કોલોની નજીકના બેઠક રોડ પાસે નવી લોહાણા મહાજન વાડી નજીક ગેરકાયદેસર રીતે પડ્યા પાથર્યા રહેતા કેટલાક શખ્સો દારૂ પીને અવારનવાર ડખ્ખા કરે છે. આટલું જ નહીં, મહિલાઓ તથા શખ્સો દ્વારા કરવામાં આવતી બેફામ ગાળા ગાળીથી આ વિસ્તારના રહેવાસીઓ ત્રાસી ગયા છે.

ખંભાળિયાના ઠાકર શેરડી ગામે જુગારમાં ૧૧ ઝડપાયા

ખંભાળિયા પંથકમાં ગત સાંજે સ્થાનિક પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગમાં તાલુકાના ઠાકર શેરડી ગામે માળી ગામના એક શખ્સ સંચાલિત બે જુગારના હાટડા ઉપર પોલીસ ત્રાટકી હતી. આ દરોડામાં ૧૧ શખ્સોને રૂપિયા સાડા ત્રણ લાખના મુદામાલ સાથે દબોચી લેવામાં આવ્યા હતા.

# ઉનામાં શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞ

(નિરવ ગઢિયા દ્વારા) ઉના તા.૫


ઉના શહેરમાં શ્રી હિંગળાજ વાડી ખાતે તા.૨૮-૩-૨૩ થી તા.૩-૪-૨૩ સુધી શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું સમસ્ત પિતૃઓના તથા કોરોના મહામારીમાં અવસાન પામેલ મોક્ષગતિ માટે આયોજન કરવામાં આવેલ. જેમના વકતાપદે કથાકાર શાસ્ત્રી પ્રતીકભાઈ એમ. પંડ્યા(ઉનાવાળા) બિરાજી પોતાની મંગલમય શૈલી કથા અમૃત રસપાન કરાવેલ. આ પાવન પ્રસંગ કથારૂપી ગંગામાં તરલતોડનું આયોજન શાસ્ત્રી હર્ષદભાઈ ડી. પંડ્યા તથા સર્વ યજમાનથી ધામધૂમ પૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું અને ધર્મ પ્રેમી જનતાએ લાભ લીધો હતો.

દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
• સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
• જૂનાગઢ શહેરના હદયસમા કાળવા ચોકમાં
• આપના શુભપ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
ચૈત્રી નવરાત્રી નિમિત્તે ગાયનું શુધ્ધ ઘી આવી ગયેલ છે તેમજ ભેસનું ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન : ૨૬૨૫૧૨૩

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

વિનય એન. પ્રજાપતિ મો.૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો.૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો.૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જાાવે, વારંવાર મન લલચાવે''
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

પવિત્ર રમજાન મહિના નિમિત્તે
સ્પે. પાઉ
સ્પે. બ્રેડ
સ્પે. નાનરોટી
રોજે રોજની તાજી મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

Editor, Printer, Publisher and Owner : Abhijeet K. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India

# આજે ૫ મી એપ્રિલ રાષ્ટ્રીય વહાણવટા દિવસ

## મહાભારત કાળથી સોમનાથ પ્રસિધ્ધ બંદર હતું અને તેનો વેપાર ચીનથી ઝાંઝીબાર સુધી વિસ્તરેલો હતો





### આંતરરાષ્ટ્રીય વેપારનું કેન્દ્ર-સોમનાથ

- ડો. ગિરીશ ઠાકર



ઈતિહાસવેત્તાઓ કહે છે કે, એક સમય હતો જ્યારે સોમનાથ- 'પ્રભાસક્ષેત્ર પૂરું' અપાર સમૃદ્ધિથી સભર હતું. હજારો વર્ષ પૂર્વેથી પરમવૈભવનો સાગર અહીં હિલોળા લેતો હતો. અહીંનો સમૃદ્ધ રત્નાકર તરીકે એટલા માટે વિખ્યાત હતો કે જગત આખામાંથી વિવિધ પ્રકારનાં રત્નો લઈ વહાણો અહીં લાંગરતાં, વ્યાપાર કરતાં અને અહીંથી ખાસ્સી મોટી કમાણી કરીને પરત જતાં. વેરાવળનું મૂળ નામ 'વેલાકુલ' એટલે જ બંદર. અરબસ્તાનથી ચીન સુધી - રોમ બેબીલોન વ. સમૃદ્ર તીરના જુદા-જુદા અનેક દેશ પરદેશથી સાગરખેડુ વેપારીઓ પોતાનો માલ લઈ અહીંની સમૃદ્ધિમાં વધારો કરતા રહેતા અનેક ઈતિહાસકારો, અને ઈસ્લામિક તવારીખકારો તો આ બાબત નોંધે છે જ પણ અહીં થયેલાં પુરાતત્ત્વીય સંશોધનો પણ તેમાં સાક્ષી પૂરે છે.

**વેરાવળ બંદરનો એટલો સુવર્ણકાળ હતો કે આજે જેમ કંડલા, અલંગની જાહોજલાલી છે તેને પણ ટકકર મારી જાય તેમ ધમધમતું હતું**

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૫

વર્ષ૧૯૧૯નીપ મી એપ્રિલે સિંધીયા સ્ટીમ નેવીગેશનનું પ્રથમ જહાજ બ્રિટીશર એમ.એસ. લોયેસ્ટીએ મુંબઈથી લંડન જવા પ્રયાણ કર્યું હતું. જે ઘટના ભારતીય વહાણવટા વિકાસના યુગનો પ્રારંભ હતો.

દરીયાઈ સાહસિક દરીયાઈ ખેડૂતોને પ્રોત્સાહિત કરવા વર્ષ ૧૯૬૪થી સમગ્ર ભારતમાં વહાણવટા દિવસની ઉજવણી આયોજન નકકી કરાયું. સોમનાથ-વેરાવળનો અફાટ દરીયો રાષ્ટ્રીય, કુદરતી ધમધમતાવેપારવણજની અનેક ઘટનાઓનો સાક્ષી છે. લકડીયા હોડી, હલેસા હોડી, સઢવાળા વહાણોથી લાકડાની બોટોથી માંડી, ફાયબર બોટો, દેશી અનુમનોને સ્થાનો અદ્યતન કિનારો ઓળખવાની જીપીએસ પધ્ધતિ, વહાણના ખલાસીઓ મધદરીયેમળતાત્યારે ઘેરેસંદેશો મોકલવાની આપલેનો સ્થાનો આજે વોકીટોકી, મોબાઈલ અને અદ્યતન સંદેશા વ્યવહાર સુધી પહોંચેલા સોમનાથ-વેરાવળ બંદરની અનોખી દાસ્તા છે. વેરાવળ અત્યારે બંદર છે તે પહેલાના સમયમાં પ્રભાસ પાટણનું ગણાતું હતું એમ પ્રભાસના ઈતિહાસ લેખક જે.ડી. પરમાર સોમનાથ વર્તામાનમાં જણાવેલ છે. તો ઈતિહાસ આરસી સમાન વેરાવળસર્વસંગ્રહમાં જણાવ્યુંછે કે, જંબુદ્વીપમાં ભારતખંડમાં સૌરાષ્ટ્રમાં પ્રભાસ ક્ષેત્રમં સોમનાથ એક ખુબજ અગત્યનું યાત્રાધામ આજની જમ જ ત્યારે પણ હતું.

સોમનાથ બંદરેથી વ્યવહાર હતો ભરૂચ, સોપારા, સોમનથ વગેરે બંદરો જાણીતા હતા. મહાભારતન સમયમાં પણ સોમનાથ પ્રસિધ્ધ બંદર હતું. પછીન સમયમાં તેનો વેપાર ચીનથી ઝાંઝીબાર સુધી વિસ્તરેલો હતો. અરબસ્તાન સાથે પણ તેના વેપાર હતો. તે કાળમાં સોમનાથ-વેરાવળથી કરાંચી સુધી પેસેન્જર સ્ટીમર સર્વીસ પણ હતી તો હજયાત્રીઓ પણ અહીંથી સ્ટીમર દ્વારા જતા. ઈ.સ.૧૮૬૬-૬૭માં બંદર સુધારવા મી.બેલીઅસ સ્કોટ નામેઅંગ્રેજ ઈજનેરની નિમણુંક થઈ હતી જેને ધકકાનો અમુક ભાગબાંધ્યો અને દિવાદાંડી ઉંચી ચણી. સને ૧૮૮૮માં વેરાવળ બંદરમાં ૭૦ વહાણો બંધાયા હતા. વેરાવળથી મુંબઈ દરીયાઈ માર્ગ ૧૯૬ માઈલ થાય છે. સારા પવનમાં વહાણ બે દિવસે મુંબઈ પહોંચતું હતું અને ૧૯૩૦ મુંબઈ વહાણમાં કેરોસીન ડબ્બા લાવવાનું નુર ભાડુ એક ડબ્બા દીઠ એક આનો હતો તે સમયમાં ચમકદાર કેરોસીન ભરેલા ડબાની કિંમત બે રૂપિયા હતી અને ખાલી ડબ્બાની કિંમત બે આના હતી. કાલીકટ બંદરેથી ડુંગળી, લસણ વગેરેની પણ નિકાસ થતી હતી અને વેરાવળ બંદરે કાલીકટ બંદરેથી આવકમાં વિલાયતી નળીયા તાજ તથા રાણીછાપના તેમજ ઈમારતી લાકડું આવતું હતું તે નળીયા, લાકડાના વેગનો ભરી ગુડસ રસ્તે રેલ્વે રસ્તે અન્ય સ્થળે જતાતા, ગોવા બંદરેથી શ્રીફળ આવતા. બ્રિટીશ ઈન્ડીયા કંપનીના સ્ટીમ નેવીગેશન એજન્ટ વેરાવળમાં હતા. સ્ટીમરો મુંબઈથી ઉપડી જાફરાબાદ, વેરાવળ, માંગરોળ, પોરબંદર અને ઓખા પોર્ટ સુધી પેસેન્જર મેઈલ સ્ટીમર આવતી અને ઓખા પોર્ટથી સીમેન્ટને લઈને ફરીથી ઉપરોકત બંદર પેસેન્જરો લઈ મુંબઈ પરત જતી.

સ્ટીમરમાં મુંબઈ-વેરાવળ ભાડું સાડા પાંચ રૂપિયા હતું અને પેસેન્જરોનો ધકકાથી સ્ટીમર સુધી પહોંચાડવા લોંચ ભાડું બે આના હતા જે પછીથી ચાર આના થયા અને સ્ટીમર ભાડુ આઠ રૂપિયા થયું હતું. વેરાવળમાં તે જમાનામાં ૮૦થી ૯૦ ટનન જહાજો લાકડાના બનતા જેમાં સુતારનું રોજ એક રૂપિયોથી સવા રૂપિયો તથા મિસ્ત્રીનું રોજ દોઢ રૂપિયા સુધી રહેતું. સોમનાથના ભાસ્ક વૈધ કહે છે વેરાવળ-પાટણને જોડતો એક રીવોલ્વીંગ બ્રીજ હતો જે ભીડીયામાં હતો એટલે જયારે વાહણને ખાડીમાં આવવું હોય ત્યારે બ્રીજ ચાવી દેવાથી ઘુમી જાય અને રસ્તાને સ્થાને ખાડી આવી જાય અને વાહણ પસાર થઈ જાય પાછી ચાવી ફેરવી ફરી રસ્તો બની જાય. શેઠ જગડુશા નામની ગુજરાતી ફિલ્મનું શુટીંગ વેરાવળના દરીયામાં થયેલ હતું. વર્ષ ૨૦૦૦ સુધી વેરાવળ બંદરે સ્ટીમરો આવતી તેની હોર્ન સાયરન છે ક સોમનાથ મંદિર સુધી સંભળાતી જો કે, સ્ટીમરમાં માલ-ચઢાવવા, ઉતારવા બંદરથી દોઢ-બે કિલોમીટર દરીયામાં દુર બાજ દ્વારા જવાતું. વેરાવળ બંદર ઉપરથી ઘઉં, ડુંગળી, સીંગદાણાની નિકાશ થતી. માલ સંગ્રહવા માટે ગોડાઉનો રહેતા જયાં મગફળીન સીંગદાણા ફોલાતા, સ્ટીમરોની કંપનીઓ માટે બંદર પાસે ખાસ પોસ્ટ ઓફીસ હતી. બંદરથી રેલ્વે સ્ટેશન સુધી રેલ્વે પાટા અને ફાટક હતું જે આજે ડેડ હાલતમાં છે. બંદરને લીધે હજારો મજુરો, કામદારો, ગુમાસ્તાઓ, સપ્લાયરો, વેલ્યુઅરો, ટેકનીકલ સ્ટાફ, બરફ કારખાનાઓ, સીનેમાઓ, ગામની બજારોમાં તેજી રહેતી. બંદરમાં અનાજની હેરફેર વખતે વેરાતા અનાજ ચણવા

**કુદરત સામે બાથ ભીડતા અને દુનિયામાં સાહસિક વેપારવણજ વધારતા સાગર ખેડૂઓ અને ઉદ્યોગ સાહસિકોને નવાજવા ઉજવાય છે 'વહાણ વટા દિવસ'**

પક્ષીઓના ઝુંડનો ઝુંડ આવતા. એમ કહેવાય છે કે, ૧૯૯૭માં ૩ લાખ ૩૧ હજાર ૨૭૩ ટનની આયાત, નિકાશ થઈ હતી તો ૨૦૦૩માં ફકત ૪૧ હજાર ૪૨૦ ટન સુધી અને વર્ષ ૨૦૦૩માં છેલ્લી વિદેશી સ્ટીમર આવી હતી. પછી આજ દિન સુધી સ્ટીમર તો આવતી જ નથી. વેરાવળના તે સમયના રામજીભાઈ સુયાણીએ પણ વેરાવળ બંદર વિષે લેખન સંકલન પ્રકાશીત કરેલ હતું તેઓના જ શબ્દોમાં કહીયે નવા વાહણને પાણીમાં ઉતાર્યા પછી તેમના નવા સઢ, પરવાન વગેરે તૈયાર કરવામાં આવતા અને વહાણ હંકારતા પહેલા જીવન જરૂરીયાતની ચીજો અનાજ, તેલ, કઠોળ, કેરોસીન, શાક, ફ્રુટ વગેરે વહાણમાં મોકલી અપાત તે સમયના વહાણોમાં દેશી ઘંટી દળવા મટે રાખવમં અવતી. વહાણ હંકારતા પહેલા વહાણ માલિકની કુમારીકાઓ વહાણ જે સ્થળે બાંધેલ હોય તે સ્થળે દરીયાદેવની પૂજા પ્રાર્થના કરત તે પછી વહાણના બાંધેલા છેડા છોડવામાં આવતા અને વહાણ બંદરેથી અન્ય બંદરે જવા માટે રવાના કરાતું. ભંડારી તથા ખલાસી વહાણના પરવાન ઉપર ચઢી વહાણના શઢને ખોલી નાખતા અને સઢમાં પવન ભરાતા વહાણ પવનની ગતીએ આગળ વધતું. એક જમાનામાં વેરાવળ બંદર અનાજ, ખેત પેદાસો, દેશી નળીયા, ઈમારતી લાકડાઓ, પેસેન્જર, માલવાહક સ્ટીમરોથી ખલાસીઓ, મજુરો, વેપારીઓથી ધમધમતુ રહેતું. હવે માત્ર ફીશ ઉદ્યોગ પુરતુ સિમીત છે. વેરાવળથી પાટણ જવા જીલ્લો બનતા જે રસ્તો કઢાયો છે તે સાવ ખખડધજ છે. એ રસ્તામાં આવેલ બ્રિજ જોખમી છે તેવું બોર્ડ વરસોથી લગાડેલ છે પણ રસ્તો, બ્રીજ સમો કરાતો નથી કે, વળાંકને બદલે સીધો રસ્તો પહોળો પાકો બનાવાતો નથી તે અફસોસની વાત છે.

---

### વેરાવળ તાલુકાના ડારીના જંગલમાં અટવાઈ ગયેલ અસ્થિર મગજની મહિલાને

## સોમનાથ મરીન પોલીસે શોધી લઇ સારવાર તથા ભોજન કરાવી પરિવાર સાથે પુનઃમિલન કરાવેલ




(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૫

સોમનાથ મરીન પોલીસ સ્ટેશનના પો.કોન્સ. ભગવાનભાઈ જીણાભાઈ રાઠોડને ડારી ગામેથી ફોનથી જાણ કરેલ કે, એક અજાણી મહિલા ડારી ગામના દરિયા કાંઠાના જ્યાં જંગલી રાની પશુનો ભય છે એ જંગલ તરફ ગયેલ છે જે જાણકારી અનુંસંધાને પો.ઈન્સ. એચ.આર. ગોસ્વામીની સુચના અને માર્ગદર્શનથી મહિલા પો.કોન્સ. શિલ્પાબેન મનુભાઈ ડોડીયા, એ.એસ.આઈ. વી.યુ.ચાવડા, પો.હેડ કોન્સ.વી.ડી.ડોડીયા, પો.કોન્સ. ભગવાનભાઈ જીણાભાઈ રાઠોડ સહીતના ડારી ગામે પહોંચી જંગલમાંથી મહિલાને શોધી કાઢી વૃધ્ધ મહિલા અસ્થિર મગજની અને ભુખ તરસથી વ્યાકુળ હોવાનું જણાતા પ્રથમ ડારી ગામે લઈ આવી બન્ને પગમાં બાવળના કાંટા વાગેલ હોય જેની પ્રાથમિક સારવાર કરી ભોજન કરાવી સાંત્વના આપી પુછપરછ કરતા ''હિરણ નદીનો કાંઠો'' તેવુ રટણ કરતા હોય જેથી મહિલાના ફોટા તેમજ મેસેજ વૉટ્સએપ ગ્રુપોમાં તથા સોશિયલ મીડીયા દ્વારા શેર કરતા સદરહું વૃધ્ધ મહિલા પ્રભાસ પાટણ, મલંગ શેરીના અમીનાબેન દાદાભાઈ મલંગ હોવાની હકિકત જણાયેલ જેથી તેમના વાલી વારસનો સંપર્ક કરતા મહિલાના પતિ દાદાભાઈ કાળુભાઈ મલંગ રહે, મદાર ઓટા, મલંગ શેરી, પ્રભાસ પાટણનો સંપર્ક કરી તેઓને ઓળખી ગયેલ જેથી તેમના પતિ દાદાભાઈ કાળુભાઈ મલંગને મહિલા ઘરેથી જતા રહેવા બાબતે પુછતાં તેઓએ જણાવેલ કે, તેમની પત્નિ અસ્થિર મગજના હોય તેઓના ધ્યાન બહાર સાંજના સાતેક વાગ્યે ઘરેથી નિકળી ગયેલ અને તેમની પત્નિને સાથે લઈ જવાનું જણાવતા ખરાઈ ખાત્રી કરી મહિલાને પોલીસ સ્ટાફ દ્વારા તેમના પતિને સલામત સૌંપી આપી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ હતી.

---

### ક્ષત્રિય કારડીયા રાજપુત સમાજ આયોજિત

## સ્વ.મિત શિવાભાઈ સોલંકીના સ્મરણાર્થે ઓપન ગુજરાત ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનો ભવ્ય શુભારંભ

### ભારતી આશ્રમના મહંત ઈન્દ્રભારતીબાપુના હસ્તે શુભારંભ કરાયો : ભારત અને ગુજરાતભરમાંથી ૧૪૪ ટીમોએ ભાગ લીધો ૪૦ દિવસ ટુર્નામેન્ટ ચાલશે





(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૫

ગીર સોમનાથના કોડીનાર ખાતે સ્વ.મિત શિવાભાઈ સોલંકીના સ્મરણાર્થ ઓપન ગુજરાત રાત્રી પ્રકાશ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન કોડીનાર નગરપાલિકા સ્ટેડિયમ ખાતે રાજમોતી પરિવાર અને ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજ દ્વારા કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટનો ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ સોરઠના રૂદ્રેશ્વર જાગીરભારતી આશ્રમના સંત ઈન્દ્રભારતીબાપુના હસ્તે સમારોહની શરૂઆત થયા બાદ ભવ્ય મેગા મ્યુઝિકલ ઈવેન્ટમાં સૌરાષ્ટ્ર-ગુજરાતના ખ્યાતનામ કલાકારો કીર્તિદાન ગઢવી, ઉમેશ બારોટ, કૈરવી બુચ, ફરીદામીર સહિતના કલાકારો ધૂમ મચાવી સંગીતના તાલે ડોલાવ્યા હતા. આ કાર્યક્રમમાં પૂર્વ સંસદ દીનુભાઈ સોલંકી, માજી મંત્રી જશાભાઈ બારડ, તાલાળાના ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત, ગીર સોમનાથ પૂર્વ કલેકટર ગોહિલ રાજદીપસિંહ સહિત સૌરાષ્ટ્રભરમાંથી રાજકીય અગ્રણી આગેવાનો પદાધિકારીઓ, રાજપૂત સમાજના અગ્રણીઓ તેમજ કોડીનાર તાલુકાના આગેવાનો અને પ્રજાજનો બહોળી સંખ્યામાં કોડીનાર નગરપાલિકા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે હાજર રહ્યા હતા. આ ઓપન ગુજરાત ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટની વિગત આપતા આયોજકોએ અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, તા.૩ એપ્રિલથી ગુજરાતભરની ૧૪૪ જેટલી ટીમો વચ્ચે ક્રિકેટ મેચ રમાશે. આ ટુર્નમેન્ટ ૪૦ દિવસ ચાલશે અને તા.૯/૫/૨૦૨૩ ના રોજ મેગા ફાઈનલ મેચ યોજવામાં આવશે. આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા અને ટ્રોફી જીતવા ગુજરાતભરમાંથી ટીમોએ ભાગ લીધો છે અને આ ટીમોમાં સમગ્ર ભારતના ક્રિકેટના માસ્ટર ખેલાડીઓ રમશે જેની મેચો નિહાળવા ગુજરાત અને સૌરાષ્ટ્રમાંથી ક્રિકેટ પ્રેમીઓ કોડીનાર નગરપાલિકા સંચાલિત ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ઉમટી પડશે તેવું માહોલ જોઈને હાલ લાગી રહ્યું છે.

---

## આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ સોમનાથ મહાદેવને શીશ ઝુકાવી પૂજા અર્ચન કર્યા

### સોમનાથ ખાતે પૌરાણિક બાણ સ્તંભ વિશે જાણી સનાતન સંસ્કૃતિના ગૌરવમય દર્શન શાસ્ત્ર અંગે અહોભાવ વ્યક્ત કર્યો





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૫

પ્રથમ જયોતિર્લિંગ સોમનાથ મહાદેવના દર્શને આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્મા પત્ની સાથે પધાર્યા હતા. દેવાધીદેવ સોમનાથ મહાદેવના દર્શન કરી જલાભિષેક કરી પૂજા સામગ્રી અર્પણ કરી ધન્યતા અનુભવી હતી.

સોમનાથ ખાતે આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ સોમનાથ મહાદેવની વિશેષ સોમેશ્વર મહાપૂજા પણ કરી હતી. સોમનાથ મંદિરના મુખ્ય પુજારીઓ દ્વારા વિવિધ દ્રવ્યો સાથે શાસ્ત્રોકત વિધિ વિધાનથી પૂજા કરાવવામાં આવી હતી. આ તકે સોમનાથ ટ્રસ્ટ તરફથી જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા દ્વારા સોમનાથ મહાદેવનું સ્મૃતિચિન્હ ભેટ આપીને આસામના મુખ્યમંત્રીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે જ જનરલ મેનેજર દ્વારા તેઓને સોમનાથ ખાતે આવેલ ઐતિહાસિક બાણ સ્તંભના દર્શન કરી તેની ઐતિહાસિક માહિતી આપવામાં આવી હતી ત્યારે સદીઓ પહેલા ભારતીય દર્શનશાસ્ત્રમાં દક્ષિણ ધ્રુવ અને સમુદ્ર માર્ગોના સટીક ઉલ્લેખ અંગે સાંસ્કૃતિક અસ્મિતા વિશે અહોભાવ વ્યક્ત કર્યો હતો.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# માનહાની મામલે રાજનીતિક લડાઈને પ્રાથમિકતા આપતા રાહુલ ગાંધી

લોકસભાનું સભ્યપદ ગૂમાવ્યા બાદ પ્રથમવાર મીડિયાને સંબોધન કરવા દરમ્યાન રાહુલ ગાંધીએ જે પ્રકારે કહ્યું કે, કંઇ પણ થઇ જાય હું અદાણી મામલે પ્રશ્ન પૂછતો રહીશ... તેનાથી એ સ્પષ્ટ થઇ ગયું છે કે માનહાનિ મામલે રાહુલ ગાંધી પોતાની સજા અંગેકાનૂની લડાઈથી વધુ રાજનીતિક લડાઇ લડવાને પ્રાથમિકતા આપી રહ્યા છે. કોંગ્રેસ તરફથી સમગ્ર દેશમાં આ અંગે કરાતા ધરણાં-પ્રદર્શનો પરથી આ વાત સ્પષ્ટ પણ થઇ રહી છે.

ઉલ્લેખનીય એ પણ છે કે, કોંગ્રેસે પોતાના પ્રવકતા પવન ખેડાના મામલે ત્વરિત સુપ્રીમ કોર્ટ પહોંચી હતી તેવી તત્પરતા રાહુલ ગાંધી મામલે જોવા મળી નહતી. તેનો અર્થ એ છે કે રાહુલ ગાંધીની સજાને રાજનીતિક રુપથી પકાવવાની તૈયારી કરવામાં આવી છે. આ અંતર્ગત રાહુલ અને કોંગ્રેસ દ્વારા એ દર્શાવવાની કોશિશ થઈ રહી છે કે તેઓ અદાણી મામલે સતત સવાલો કરતા હોવાથી તેમને સજા કરવામાં આવી, સભ્યપદ રદ કરાયું. જો કે કોઈપણ મામલાને અલગ રુપ આપીને તેને રાજકીય રીતે પકાવવાની વાત નવી કે અનોખી નથી. પરંતુ આ પ્રકારનો પ્રયાસ ત્યારે સફળ થાય છે જયારે પ્રજાજનો પણ આ વિચારવિમર્શમાં જોડાય. હવે અદાણી મામલે પ્રશ્નોની કોંગ્રેસે ફેલાવેલી વાતમાં પ્રજાજનો સહમત થાય છે કે કેમ તે જોવું રહ્યું.

જો કે રાહુલ ગાંધી અને તેમના સહયોગી કાંઈપણ કહે પરંતુ સત્ય એ છે કે તેઓને માનહાનિના મામલે ચાર વર્ષ અગાઉ મોદી સમાજ અંગે કરેલા નિવેદન બદલ સજા મળી છે. શું આ સત્યથી મ્હોં છૂપાવવા માટે રાહુલ ગાંધી પોતાની સજા વિરુદ્ધ અપીલ કરવાના બદલે જેલ જવાનું પસંદ કરશે, જેથી તેઓને લોકોની સહાનુભૂતિ મળી શકે? આ એ પ્રશ્નછે કે જેનો જવાબ હાલ ઉપલબ્ધ નથી. પરંતુ કોંગ્રેસ લાંબા સમય સુધી રાહુલની સજાના મામલાને ખેંચી નહીં શકે. કારણ કે ભાજપ પોતાના સ્તરે એ સમજાવવાની દરેક સંભવ પ્રયાસ કરશે કેરાહુલ ગાંધીનુંસભ્યપદ કયા કારણોસર રદ કરાયું અને બીજું કારણે એ છે કે આ કોઇ એવો મામલો નથી જે સામાન્ય જનતાને સીધી અસરકર્તા હોય.

રાજનીતિ એવા મુદા પર કરી શકાય કે જેનાથી જનતા પ્રભાવિત થઇ શકે. કોંગ્રેસે એ ન ભૂલવું જોઇએ કે ગત લોકસભા ચૂંટણી સમયે તેણે અને ખાસ કરીને રાહુલ ગાંધીએરાફેલ સોદાને એક ગોટાળાનું રુપ આપીને તેને રાજનીતિક રીતે પકાવવાનો દરેક સંભવ પ્રયાસ કર્યો હતો. પરંતુ એ વાત કોઇનાથી છૂપી રહી નથી કે આખરે તેનું પરિણામ શું આવ્યું ?જો જનમાનસ જ કોઇ મુદ્દાને મહત્વ ન આપે તો કોઈપણ રાજનીતિક દળ કેટલો પણ પ્રયાસ કરવા છતાં તેની વ્યાપક અસર થતી નથી.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ઈમાનદારી એ સર્વશ્રેષ્ઠ નીતિ છે.

- સર્વેન્ટિસ

### : આજનું પંચાંગ :

: પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.આવા-૧૩૯૨, મુ. રમજાન-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, ચૈત્ર સુદ-૧૪ શ્રી હાટકેશ્વર જયંતિ, શ્રી હનુમાન જન્મોત્સવ, ઉપવાસ-વ્રતની પૂનમ તા.૫ એપ્રિલ ૨૦૨૩, બુધવાર, પારસી તા.૨૩, મુસ્લિમ તા.૧૩, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, ધ્રુવ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૪૧, સૂ.અ.૭:૦૭
આજનો દિવસ સવારે ૯:૧૫ ક.થી શુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : આર્થિક સમસ્યાનો ઉકેલ મળે. કોર્ટ-કચેરીના કાર્યમાં સફળતા મળે.
વૃષભ : ગૃહસ્થજીવનમાં મતભેદ થાય. મનમાં મૂંઝવણ રહે.
મિથુન : મહત્વના કાર્યમાં રૂકાવટ આવે. ક્રોધ પર કાબુ રાખવો.
કર્ક : મનની મુરાદ પૂરી થાય. નવિન લાભની તક સાંપડે.
સિંહ : હાથમાંઆવેલી તકસરી જાય. જીવનસાથીના આરોગ્ય અંગે ચિંતા.
કન્યા : મનમાં ખિન્નતા રહે. ગુપ્ત ચિંતા રહે.
તુલા : આર્થિક સમસ્યા તીવ્ર બને. સ્વમાન ઘવાય તેવો પ્રસંગ બને.
વૃશ્ચિક : આર્થિક સમસ્યાનો સામનો કરવો પડે. બેચેની અનુભવાય.
ધન : આરોગ્ય અંગે સાવધાની જરૂરી બને. ગૃહવિવાદના ભોગ બનવુંપડે.
મકર : યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. કાર્યબોજ હળવો બને.
કુંભ : વાણી સંયમ જાળવવો હિતાવહ. અણધારી લાભની તક સરી જાય.
મીન : પ્રવાસ-મુસાફરીમાં લાભ થાય. આકસ્મીક ધનલાભ થાય.

# મિશ્રઋતુના કારણે શરદી-ઉધરસ, તાવ અને ઝાડા ઉલટીના કેસ વધ્યા

રાજકોટ, તા.૫ : રાજકોટમાં છેલ્લા એક સપ્તાહથી લોકો મિશ્રઋતુનો અહેસાસ કરી રહ્યા છે. બપોરે અસહ્ય ગરમી અને વહેલી સવારે અને રાત્રીના સમયે ઠંડકને કારણે રોગચાળો બેકાબુ બન્યો છે. રાજકોટ શહેરની સરકારી અને ખાનગી હોસ્પિટલો હાલમાં દર્દીઓથી ઉભરાઈ રહી છે અને ઘરે ઘરે માંદગીના ખાટલાં જોવા મળી રહ્યા છે. વાયરલ ઈન્ફેક્શનના કેસમાં નોંધપાત્ર વધારો થયો છે. શરદી ઉધસર અને તાવને લગતી બીમારીના કેસોમાં વધારો થયો છે. આ આંકડાઓ વાસ્તવિક આંકડાઓથી ખુબ જ ઓછા હોય તેવું લાગી રહ્યું છે. જાન્યુઆરી માસથી અત્યાર સુધીમાં પાંચ હજારથી વધારે કેસ નોંધાઇ ચૂક્યા છે જે ગત વર્ષ કરતા ખુબ જ વધારે છે. જો કે આ આંકડાઓ માત્ર સરકારી હોસ્પિટલો અને અર્બન હેલ્થ સેન્ટરના છે. જયારે અહીંથી ખુબ જ ખરાબ સ્થિતિ ખાનગી હોસ્પિટલોની છે. વાઈરલ ઈન્ફેકશનના કેસ જે રીતે વધી રહ્યા છે તેની સાથે સાથે કોરોનાના કેસમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. રાજકોટમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૯નવા પોઝિટિવ કેસ સામે આવ્યા છે જયારે એક્ટિવ કેસનો આંક ૧૪૦ સુધી પહોંચી ગયો છે. જેમાં માત્ર ૨ દર્દીઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે જયારે ૧૩૮ જેટલા દર્દીઓ હોમ આઈસોલેશનમાં છે.

# ભારત સરકારનો આદેશ! તમારા PC ને આજે જ Update કરો નહિતર લેવાના દેવા થઈ જશે



નવી દિલ્હી તા. ૫

ભારતીય કોમ્પ્યુટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ) જે દેશની નોડલ એજન્સી છે અને સાયબર સુરક્ષા સંબંધિત મુદ્દાઓનું ધ્યાન રાખે છે. તેણે ભારતમાં એપલ યુઝર્સને ચેતવણી આપી છે. CERT-In ને Mac PC, Watch, Apple TV પર નબળાઈઓ મળી છે જેમાં હુમલાખોરને "સંવેદનશીલ માહિતીની ઍક્સેસ"મળી શકે છે. મિનિસ્ટ્રી ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજીએ યુઝર્સને તાત્કાલિક નવા વર્ઝનને અપડેટ કરવાની સલાહ આપી છે. આ એડવાઈઝરી CERT-Inની સત્તાવાર વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

આ નબળાઈઓ Mac PC પર Safari વેબ બ્રાઉઝરમાં છે. CERT-Inએ નોંધ્યુંછે કે વેબકિટ કોમ્પોનેન્ટમાં 'ઈમ્પ્રોપર સ્ટેટ મેનેજમેન્ટ'ને કારણે આ ખામી મોજુદ છે. એક હુમલાખોર પીડિતને ખાસ રચિત વેબ પેજની મુલાકાત લેવા માટે સમજાવીને આ નબળાઈઓનો ઉપયોગ કરી શકે છે. ચેતવણીમાં કહેવામાં આવ્યું છે. જો વપરાશકર્તા માહિતી આપવાનું બંધ કરે તો સંવેદનશીલ માહિતી દૂર કરવામાં આવી શકે છે.

એજન્સીએ જણાવ્યું કે યુઝર્સને સફારી વર્ઝન ૧૬.૪ અપડેટ કરવાની જરૂર છે. વેબ બ્રાઉઝર ખોલો એપ સ્ટોર ટૂલબારમાં Apple Store ડેસ્કટોપ એપ્લિકેશન અપડેટ કરો સૂચિબદ્ધ કોઈપણ અપડેટ્સને ડાઉનલોડ અને ઈન્સ્ટોલ કરવા માટે અપડેટ્સ બટનનો ઉપયોગ કરો.

એ જ રીતે એપલ વોચ અને એપલ ટીવીમાં પણ ઘણી સમસ્યાઓ જોવા મળી છે. CERT-In એ નોંધ્યું છે કે Apple Mobile FileIntegrity, Identity Services, Podcasts, TCC, Find My, Shortcuts અને WebKit માં ઘણી ખામીઓ જોવા મળી છે, જેના કારણે Apple tvOS y™u watchOS ઉત્પાદનોમાં પણ નબળાઈઓ છે. આ નબળાઈઓ હુમલાખોરને વપરાશકર્તાની સંવેદનશીલ માહિતીની ચોરી કરવાની મંજૂરી આપે છે. એજન્સીએ યુઝર્સને નવા Apple tvOS અને watchOS વર્ઝનમાં અપડેટ કરવાની સલાહ આપી છે. iPhone અને iPad વપરાશકર્તાઓ માટે કોઈ ચેતવણી નથી, પરંતુ ઓપરેટિંગ સિસ્ટમ વર્ઝનને iOS ૧૬.૪ અને iPadOS ૧૬.૪ પર અપડેટ કરવું બેસ્ટ છે.

### સરકારે આપી ખુશખબરી, સરકારી ખજાનાને લઈને પહેલીવાર બન્યો આ રેકોર્ડ

# નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ટેક્સપેયર્સ સરકારી તિજોરી પર મહેરબાન થયા



નવી દિલ્હી તા.૫

ટેક્સ કલેક્શન શરૂઆતી બજેટ અનુમાન કરતાં ૧૬.૯૭ ટકા વધુ અને સુધારેલા અંદાજ કરતાં ૦.૬૯ ટકા વધુ હતી. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ની સરખામણીમાં નેટ ટેક્સ કલેક્શનમાં ૧૭.૬૩ ટકાનો વધારો થયો છે.

જો તમે પણ ઈનકમ ટેક્સ ભરો છો તો આ સમાચારની અપડેટ તમારી પાસે હોવી જરૂરી છે. ૩૧ માર્ચે પૂરા થયેલા નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ટેક્સપેયર્સે સરકારી તિજોરી પર મહેરબાન થયા છે. આ સમયગાળા દરમિયાન નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન એક વર્ષ અગાઉની સરખામણીમાં ૧૭.૬૩ ટકા વધીને રૂા. ૧૬.૬૧ લાખ કરોડ થયું છે. આ ટેક્સ કલેક્શન સુધારેલા બજેટ અંદાજ કરતાં વધુ છે.

નાણા મંત્રાલય તરફથી ૨૦૨૨-૨૩ માટે ટેક્સ કલેક્શનના આંકડાઓ જાહેર કરતા, એવું કહેવામાં આવ્યું હતું કે તાજેતરમાં પૂરા થયેલા નાણાકીય વર્ષમાં કુલ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન રૂા. ૧૯.૬૮ લાખ કરોડ હતું. આ ટેક્સ કલેક્શન નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૬.૩૬ લાખ કરોડ રૂપિયા કરતાં ૨૦.૩૩ ટકા વધુ છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે પ્રત્યક્ષ કર વસૂલાતનો અંદાજપત્ર રૂા. ૧૪.૨૦ લાખ કરોડ હતો, જે પાછળથી સુધારીને રૂા. ૧૬.૫૦ લાખ કરોડ કરવામાં આવ્યો હતો.

નેટ ટેક્સ કલેક્શન શરૂઆતીબજેટ અંદાજ કરતાં ૧૬.૯૭ ટકા વધુ અને સુધારેલા અંદાજ કરતાં ૦.૬૯ ટકા વધુ હતું. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ની સરખામણીમાં નેટ ટેક્સ કલેક્શનમાં ૧૭.૬૩ ટકાનો વધારો થયો છે. એક વર્ષ પહેલા તે ૧૪.૧૨ લાખ કરોડ રૂપિયા હતો. નાણા મંત્રાલયે જણાવ્યું કે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ગ્રોસ કોર્પોરેટ ટેક્સ કલેક્શન એક વર્ષ અગાઉની સરખામણીમાં ૧૬.૯૧ ટકા વધીને રૂ. ૧૦.૦૪ લાખ કરોડ થયું છે.

ગ્રોસ પર્સનલ ઈન્કમટેક્સ કલેક્શન (એસટીટી સહિત) સમાપ્ત થયેલા નાણાકીય વર્ષમાં રૂ.૯.૬૦ લાખ કરોડ હતું. આ રીતે, નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ. ૭.૭૩ લાખ કરોડની સરખામણીમાં ૨૪.૨૩ ટકાનો વધારો નોંધાયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં રૂા. ૩,૦૭,૩૫૨ કરોડના રિફંડ પણ જારી કરવામાં આવ્યા હતા, જે એક વર્ષ અગાઉના રૂા. ૨,૨૩,૬૫૮ કરોડ કરતાં ૩૭.૪૨ ટકા વધુ છે.

# પીએમ મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ પાણીમાં બેસી ગયો, કરોડો રૂપિયા સ્વાહા થઈ ગયા



અમદાવાદ તા. ૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટનું બાળમરણ થઈ ગયું છે. પીએમ મોદીએ બહુ મોટાપાયે સમુદ્રના ખારા પાણીને મીઠું બનાવવાના પ્રોજેક્ટની જાહેરાત કરી હતી. પરંતુ રાજય સરકારની અવગણના કારણે આવો મહાકાય પ્રોજેક્ટ પાણીમાં બેસી ગયો. રાજય સરકારે આ પ્રોજેક્ટ પર કોઈ ધ્યાન ન આપ્યું. પ્રોજેક્ટ માટે લાવવામાં આવેલા મોંઘાદાટ વાહનો ધૂળ ખાઈ રહ્યાં છે. સરકારે તેની જાળવણીની પણ કોઈ વ્યવસ્થા ન કરી. ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ કેગના રિપોર્ટમાં આ ખુલાસો થયો છે.

થોડા વર્ષો પહેલા ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહુ ગુજરાત આવ્યા હતા. પ્રધાનમંત્રીએ તેમની સાથે મળીને કરોડો રૂપિયાના પ્રોજેક્ટની જાહેરાત કરી હતી, જેમાં દરિયાના ખારા પાણીને મીઠુ બનાવવાનો પ્રોજેક્ટ હતો. કચ્છ અને દ્વારકાના ખારા પાણી શુદ્ધ કરવા માટે મૂકવામાં આવેલી કરોડો રૂપિયાની જીપ ધૂળ ખાઈ રહી છે. ઈઝરાયેલથી લાવવામા આવેલી આ ટેકનોલોજી નિરર્થક સાબિત થઈ છે.

૭ જીપ માટે ૧૨.૫૬ કરોડનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. રિપોર્ટમાં ખુલાસો થયો કે, સપ્ટેમ્બર ૨૦૨૧ માં એક વર્ષનો નિભાવ અને જાળવણીનો સમયગાળો પૂરો થયા બાદ ઈજારદાર દ્વારા વાહન બંધ કરી દેવામાં આવ્યુ હતું. ઓડિટ રિપોર્ટમાં કહેવાયુંકે, સપ્ટેમ્બર ૨૦૧૯માં ખરીદી કરાર મુજબ સાત વાહનો માટે ત્રણ વર્ષનો ૨.૩૫ કરોડોનો કોન્ટ્રાક્ટ કરવામાં આવ્યો હતો, પરંતુ બેદરકારીને કારણે જોખમ ઉભુ થયું હતું.

આમ, આ આખો પ્રોજેક્ટ પાણીમાં બેસી ગયો. રિપોર્ટમાં રાજ્ય સરકારે કરેલી ગંભીર ભૂલોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં કહેયું કે, રાજય સરકારે આ મોંઘાદાટ પ્રોજેક્ટ પરથી હાથ ખંખેરી લીધા છે.

# તુર્કીમાં આવેલા ભીષણ ભૂકંપમાં ૫ દિવસ સુધી કાટમાળમાં દટાઈ રહેલા બાળકની માતા સાથે ૫૪ દિવસ બાદ થયું મિલન





(જી.એન.એસ)

નવીદિલ્હી,તા.૦૪

ગત મહિને તુર્કીમાં આવેલા ભીષણ ભૂકંપ બાદ કાટમાળ નીચે દટાયાના લગભગ ૧૨૮ કલાક બાદ બચાવવામાં આવેલી ચમત્કારિક બાળકે સોશિયલ મીડિયા પર લાખો લોકોનું દિલ જીતી લીધું હતું. જો કે આ તમામની વચ્ચે તેની માતાનું મોત થઈ ગયું હોવાનું સામે આવ્યું હતું. પણ ૫૪ દિવસ બાદ હવે ખબર પડી છે કે, આ માસૂમ બાળકની માતા જીવતી છે. યુક્રેનના મંત્રી એન્ટોન ગેરાશચેંકોએ સોમવારે તેને લઈને જાણકારી શેર કરી છે. ડીએનએ રિપોર્ટથી તેની અસલી માતાની પુષ્ટિ થઈ ચુકી છે. યુક્રેનના મંત્રી એન્ટોન ગેરાશચેંકોએ બાળકીના માતાની સામે આવવાને લઈને એક પોસ્ટ શેર કરી કહ્યું કે, આપને આ બાળકની તસ્વીર યાદ હશે, જેણે તુર્કીમાં ભૂકંપ બાદ કાટમાળમાંથી ૧૨૮ કલાક દટાયેલ રહ્યું હતું. એવું કહેવાતું હતું કે, આ બાળકની માતાનું મોત થઈ ગયું છે, પણ હવે ખબર પડી છે કે, તેની માતા જીવીત છે. તેની સારવાર એક અલગ હોસ્પિટલમાં કરવામાં આવી છે. ૫૪ દિવસ બાદ ડીએનએ પરીક્ષણ બાદ હવે ફરીથી તેઓ એક થઈ ગયા છે. આ પોસ્ટને ૫.૧ મિલિયનથી વધારે વખત જોવાયું છે. એક યુઝર્સે તેને ચમત્કાર ગણાવતા કહ્યું કે, અદ્ભૂત સમાચાર. મને ખૂબ જ ખુશી થઈ રહી છે કે, બંને બચી ગયા અને એકબીજાને પાછા મળી ગયા. આને શેર કરવા બદલ ધન્યવાદ. એક અન્ય યુઝર્સે લખ્યું કે, કહાની દુ:ખદ છે. પણ સુંદર અંત. આભારી છું કે, બાળકને તેની માતા મળી ગઈ. અન્ય એકે લખ્યું કે, કેટલી સારી સ્ટોરી છે. મા અને બાળક ફરી એક સાથે. આશા છે કે, માતા પોતાના બાળકની દેખરેખ કરવા માટે પુરતુ છે અને પોતાના જીવનના બાકીના ભાગનો આનંદ લઈ શકશે. અહીં ઉલ્લેખનિય છે કે, તુર્કીમાં ૭ ફેબ્રુઆરીએ આવેલા ભૂષણ ભૂકંપમાં ૪૮,૦૦૦થી વધારે લોકોના મોત થઈ ગયા હતા. તેને ૧૯૩૯ બાદથી સૌથી વધારે ઘાતક ભૂકંપોમાંથી એક હોવાનું કહેવાય છે. ભીષણ ભૂકંપ બાદ તબાહી મચી ગઈ હતી. જે બચી ગયા તે જીવવા માટે મથામણ કરી રહ્યા છે.

# • રમઝાન મુબારક •




## સગપણની પસંદગી કઈ રીતે કરવી?

જીવનમાં વિવાહનો દિવસ ઉત્તમ હોય છે, કારણ કે આ દિવસથી તેના નવા જીવનની શરૂઆત થાય છે. આ જ દિવસે એક નવા કુટુંબનો પાયો પણ નંખાય છે. લગ્નના દિવસે અડધુ ઈમાન પણ પૂર્ણ થાય છે. લગ્ન-દિવસથી એક એવા સંબંધની શરૂઆત થાય છે જેના કરતાં વધુ નજીક બીજો કોઈ સંબંધ નથી હોતો. આ સંબંધની મર્યાદામાં શારીરિક, માનસિક સંતોષ અને હૃદય તથા દૃષ્ટિનું રક્ષણ કરવાની સામગ્રી પણ ઉપલબ્ધ થઈ જાય છે.

લગ્ન કાયમી હોય છે. વિવાહ જો કે પતિ-પત્ની વચ્ચે એક કરાર છે, પરંતુ આ કરાર આજીવન હોય છે અને ઈસ્લામ પણ એવું જ ઈચ્છે છે. તે વિવાહને અત્યંત પાકું અને મજબૂત બંધન ગણાવે છે. કુર્આને કરીમમાં લગ્ન વિશે કહેવામાં આવ્યું છે:

“અને તેઓ તમારાથી પાકું વચન લઈ ચૂકી છે.” (સૂર : નિસા -૨૧)

રસૂલે કરીમ સ.અ.વ. દ્વારા આપણને જે શીખ આપવામાં આવી છે તેમાં એક બાબત એછે કે નિકાહનું બંધન મજબૂત હોવું જોઈએ અને લગ્નમાં સૂમેળ સંવાદિતા અને મજબૂતી જળવાઈ રહેવા જોઈએ. હવે જયારે વિવાહ આજીવન હોય તો સગપણ માટેની પસંદગી પણ એ જ પ્રમાણે કરવી જોઈએ.

“સ્ત્રી સાથે નિકાહ ચાર બાબતો નજર સમક્ષ રાખીને કરવામાં આવે છે. સ્ત્રીનું ધન, તેના કુળ-વંશ, તેના રૂપ-સૌંદર્ય અને એની ધાર્મિકતા-દીનદારી. તો તમે દીનદાર મહિલાને પસંદ કરી લઈ જાઓ, તમારા બંને હાથ ભીંજાયેલા રહેશે.” (બુખારી, હદીસ નં- ૪૭૦૦)

રસુલલ્લાહ સ.અ.વ.ની આ હદીસ દર્શાવે છે કે લોકો નિકાહમાં કુળ, વંશ, સૌંદર્ય અને દીનને જુએ છે. ત્યાર પછી એમણે બતાવ્યું કે દીનને પસંદગીનું ધોરણ બનાવવું એ સફળતાની દલીલ છે.

**રોઝા : ૧૩ બુધવાર**

આ દીનદારી શું છે જે અપનાવવાની શીખ આપણા સૌના અને માનવતાના શુભેચ્છક, અલ્લાહના રસૂલ સ.અ.વ.એ અલ્લાહના માર્ગદર્શનનાં આધારે આપી છે? આ કોઈ પ્રમાણપત્ર નથી જે કોઈ શાળા અને શૈક્ષણિક સંસ્થામાંથી મેળવી લઈ શકાય. ખાનદાની શ્રેષ્ઠતા પણ નથી જે વંશ પરંપરાગત ઊતરી આવતી હોય. આવી કોઈ ડીગ્રી અથવા કૌટુંબિક વિશિષ્ટતા દીનદારીની બાહ્ય ઓળખ તો હોઈ શકે છે પરંતુ એ જ ઈચ્છિત ધ્યેય હોય એ જરૂરી નથી. રસૂલ સ.અ.વ.એ જે દીનદારીની વિશિષ્ટતાને અપનાવવાની વાત કરી છે તે માનસિકતા, વિચાર સરણી અને ચારિત્ર્ય અને આચરણનો સમૂહ છે. આ સમૂહ શિક્ષણ અને કેળવણી બન્નેના બીબામાં ઢળી તૈયાર થાય છે. હવે જોઈએ કે દીનદારીની ખુદ માનવતાના શિક્ષક અને ઉપકારકે શી વ્યાખ્યા કરીછે. એક હદીસના શબ્દોછે:

“દુનિયા મતાઅ (મૂડી/ સમાન) છે અને દુનિયાની સૌથી શ્રેષ્ઠ મતાઅ સદાચારી મહિલા છે.” (મુસ્લિમ, હદીસ નં.૨૬૬૮)

બીજી એક હદીસમાં પત્નીના અધિકારો વર્ણવતા ફરમાવ્યું:

“તમે જે ખાઓ એને તમે ખવડાવો, જ્યારે પહેરો તો એને પહેરાવો, અને એના ચહેરા ઉપર ન મારો, તેને ખરું-ખોટું ન સંભળાવો અને ગુસ્સામાં એને ઘરની બહાર કાઢી ન મૂકો.” (અબૂદાઊદ, હદીસ નં. ૧૮૩૦)

ઈસ્લામ દર્શન કેન્દ્ર, જૂનાગઢ

# આદિવાસી સમાજ માટે અલગ ભીલ પ્રદેશની માંગ

ડેડીયાપાડા, તા.૫ : ગુજરાત-મહારાષ્ટ્ર-રાજસ્થાન અને મધ્યપ્રદેશના આદિવાસીઓના ભીલપ્રદેશના આદિવાસીઓને છુટા પાડી દેવામાંઆવ્યા છે. ત્યારે આ ચાર રાજ્યોના આદિવાસીઓને ફરી એક કરી એક ભીલ પ્રદેશ બનાવવા આપના ધારાસભ્ય ચૈતર વસાવાએ અલગ ભીલપ્રદેશ બનાવવા માંગ કરી છે. અને આ માંગને લઈને દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ..પણ એક આદિવાસી હોય તેમને આ અંગે રજુઆત કરશે અને ભીલ પ્રદેશની માંગણી કરી છે આ બાબતે ચાર રાજ્યોના આદિવાસી આગેવાનો ને મળીને આ પુનઃ ચળવળ ચલાવશે. ગુજરાતમાં પણ ઉમરગામથી અંબાજી સુધીના વિસ્તારમાં આદિવાસી નેતાગીરીમાં પણ આ ચળવળમાં ચલાવી ભીલ પ્રદેશ ની માંગણી કરવમાં આવશે. ધારાસભ્ય ચૈતર વસાવા નું કહેવું છે કે સરકાર અત્યારસુધી બસ આદિવાસીઓના નામે મતો ઉઘરવ્યા પણ કોઈ વિકાસ કર્યો નથી જંગલ જમીન છીનવી રહ્યા છે. નથી ભણવાની સગવડ કરતા નથી નોકરીઓ આપતા જેના કરતા અમારો અલગ ભીલ પ્રદેશ હશે તો અમે આદિવાસી સમાજનો વિકાસ કરી શકીશું. જ્યારે બીજી બાજુ ભાજપનાં સાંસદ મનસુખ વસાવા એ કહ્યું કે આદિવાસીસમાજનું રાષ્ટ્રીય સંગઠન થવું જરૂરી છે. પણ આ ભીલ પ્રદેશની માંગણી ખોટી છે કોઈ નેતા સફળ થયું નથીએટલે આદિવાસીસંગઠિત બનો સરકાર ને કોઈ પ્રશ્ન હોય તો જાણ કરો ની વાત કરી હતી.

# ઈ-સિગારેટના વેચાણ ઉપર પ્રતિબંધ હોવા છતાં તે તમાકુની દુકાનો ઉપર વ્યાપકપણે ઉપલબ્ધ અને ૧૮ વર્ષથી નાના યુવાઓને પણ વેચવામાં આવે છે : સર્વેક્ષણ

નવી દિલ્હી તા.૫

૨૦૧૯માં સરકાર દ્વારા પ્રતિબંધિત હોવા છતાં, ઈ-સિગારેટ તમાકુની દુકાનો ઉપર સરળતાથી ઉપલબ્ધ છે અને વયની ચકાસણી વિના ૧૮ વર્ષથી ઓછી ઉમરના બાળકોને પણ વેચવામાં આવે છે. એક સંયુક્ત સર્વેના તારણો કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય સાથે શેર કરવામાં આવ્યા છે. છ રાજ્યો, આસામ, ગોવા, હરિયાણા, ઉત્તર પ્રદેશ, કર્ણાટક અને તેલંગાણા તેમજ દિલ્હીમાં હાથ ધરાયેલા આ સર્વેમાં એ પણ જાણવા મળ્યું છે કે ઈ-સિગારેટ ઓનલાઈન ઓર્ડર કરવામાં આવે ત્યારે બે દિવસમાં ડિલિવરી થઈ જાય છે (ઈકોમર્સ વેબસાઈટ, એક્સક્લુઝિવ વેપ વેબસાઈટ દ્વારા. **Whats App, Instagram, Facebook** અને અન્ય સામાજિક મીડિયા સાઈટ્સ) અને તે કોઈપણ વયના લોકોને ચકાસણી વિના વેચવામાં આવે છે.



ઉપરાંત, મોટાભાગના વિક્રેતાઓ એ પણ જાણતા નથી કે કાયદા દ્વારા ઈ-સિગારેટ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને તેઓ ખુલ્લેઆમ તે વેચી રહ્યા છે, અને જે ઈ-સિગારેટ વેચાઈ રહી છે તે મોટાભાગે ચીનમાં ઉત્પાદિત છે. પાંચ સંસ્થાઓ - વોલન્ટરી હેલ્થ એસોસિએશન ઓફ ઈન્ડિયા, વોઈસ, નડ્ડા ઈન્ડિયા, નેશનલ લો સ્કૂલ યુનિવર્સિટી ઈન્ડિયા, બેંગ્લોર અને કર્ણાટક **NO** ફોર ટોબેકો દ્વારા હાથ ધરવામાં આવેલ આ સર્વેમાં આ જણાવ્યું છે કે, ૨૦૧૯માં સરકાર દ્વારા પ્રતિબંધિત હોવા છતાં, ઈ સિગારેટ તમાકુની દુકાનો ઉપર સરળતાથી ઉપલબ્ધ છે અને ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને વેચવામાં આવે છે. આ સર્વેક્ષણ માટે દુકાનો અને વિક્રેતાઓની રેન્ડમલી પસંદગી કરવામાં આવી હતી. છ રાજ્યો અને દિલ્હીમાં કુલ ૧૦૦ પોઈન્ટ ઓફ સેલનો સર્વે કરવામાં આવ્યો હતો. આ સર્વે ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે હાથ ધરવામાં આવ્યો હતો. આ તપાસકર્તાઓએ ઈ સિગારેટની ઉપલબ્ધતા, વય ચકાસણી, પ્રતિબંધ અંગે જાગૃતિ અને વિક્રેતાઓમાં દોષી સાબિત થવાના કિસ્સામાં અનુગામી દંડની તપાસ કરી હતી. આ સર્વેમાં એ પણ જાણવા મળ્યું છે કે શૈક્ષણિક સંસ્થાઓની નજીક કાર્યરત તમાકુ વિક્રેતાઓ પાસે પણ ઈ સિગારેટ ઉપલબ્ધ છે. કેટલાક તમાકુ વિક્રેતાઓ આવા ઉત્પાદનોનું વેચાણ કરતા નથી પરંતુ માંગ અનુસાર ઘરે પહોંચવાની ખાતરી આપે છે.

ઓનલાઈન ઓર્ડર કરતી વખતે, કેટલીક વેબસાઈટ વયની ચકાસણી માટે પૂછે છે, જેમાં ગ્રાહકની ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ છે કે કેમ તે પૂછવા માટે માત્ર એક ચેકબૉક્સ ઉપર ટિક કરવું જરૂરી છે, સર્વેમાં જણાવવામાં આવ્યું હતું કે મોટાભાગની ઈ-સિગારેટનું ઉત્પાદન ચીનમાં થાય છે. સર્વેક્ષણના મુખ્ય તારણો ૨૩ ફેબ્રુઆરીના રોજ અહીં યોજાયેલા ઈલેક્ટ્રોનિક-સિગારેટ અધિનિયમ ૨૦૧૯ પડકારો અને આગળના માર્ગના અમલીકરણના નેશનલ કન્સલ્ટેશનમાં રજૂ કરવામાં આવ્યા હતા.

યુવાનોને ઝેરી વ્યસનના આ નવા સ્વરૂપથી બચાવવા માટે ઈ-સિગારેટ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જો કે, તેનું અમલીકરણ નબળું રહ્યું છે, પરિણામે બજારમાં સસ્તી અને બ્રાન્ડ વિનાની ચાઈના બનાવટની ઈ-સિગારેટ મળે છે. ભારતીય સ્વૈચ્છિક આરોગ્ય સંઘના ચીફ એક્ઝિક્યુટિવ ભાવના મુકોપાધ્યાયે જણાવ્યું હતું કે, આ પ્રતિબંધ અસરકારક છે કેમ તેની ખાતરી કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સ્તરે એક સંકલિત પ્રયાસની તાકીદે જરૂર છે. તેની હાનિકારક અસરો અને યુવાનોમાં તેના વ્યાપમાં ચિંતાજનક વધારાને ધ્યાનમાં લઈને, સરકારે ઈ-સિગારેટના ઉત્પાદન, ઉત્પાદન, આયાત, નિકાસ, પરિવહન, વેચાણ, વિતરણ, સંગ્રહ અને જાહેરાત ઉપર પ્રતિબંધ મૂક્યો છે, જેમાં તમામ પ્રકારની ઈલેક્ટ્રોનિક નિકોટિન ડિલિવરી સિસ્ટમ્સનો સમાવેશ થાય છે.

ઈલેક્ટ્રોનિક સિગારેટ (ઉત્પાદન, આયાત, નિકાસ, પરિવહન, વેચાણ, વિતરણ, સંગ્રહ)ના પ્રતિબંધને ધ્યાનમાં લીધા વિના અને તેમના આકાર, કદ અથવા સ્વરૂપને ધ્યાનમાં લીધા વિના આ ઉત્પાદનો, ઈ-હુક્કા અને આવા અન્ય ઉપકરણોની જાહેરાત) અધિનિયમ, ૨૦૧૯, જે એક વટહુકમ તરીકે રજૂ કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ ૨૦૧૯ માં એક અધિનિયમમાં તેણે ઔપચારિક રૂપ આપવામાં આવ્યું હતું.

મેક્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કેન્સર કેરના અધ્યક્ષ ડૉ. હરિત ચતુર્વેદીએ કહ્યું કે, ભારતમાં ઈ-સિગારેટ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો કારણ કે તેનાથી થતા સ્વાસ્થ્ય જોખમો અને તે બાળકો અને યુવાન વયસ્કોમાં રોગચાળો ન ફેલાય તેની ખાતરી કરવા માટે સરકારે પ્રતિબંધનું અસરકારક પાલન અને અમલીકરણ સુનિશ્ચિત કરવું જોઈએ. આ કાયદા મુજબ ભારે દંડ અને જેલની સજા હોવા છતાં, તમાકુના વિક્રેતાઓ, જનરલ સ્ટોર્સ અને ઓનલાઈન પ્રદાતાઓ સહિતના સ્ત્રોતોની શ્રેણીમાં ઈ-સિગારેટ વ્યાપકપણે ઉપલબ્ધ હોવાના અહેવાલ છે, ચતુર્વેદીએ જણાવ્યું હતું કે, યુવાનોમાં આવા ઉત્પાદનોનો વ્યાપક ઉપયોગ જોવા મળ્યો છે, જેમાં શાળાના બાળકો પણ સામેલ છે. એવું જણાય છે કે ઈ-સિગારેટ માર્કેટર્સ ગેરકાયદેસર રીતે બજારમાં પગપેસારો હાંસલ કરવામાં સફળ થયા છે. સુપ્રીમ કોર્ટના વકીલ રણજીત સિંહે જણાવ્યું હતું કે, આ પ્રોડક્ટ્સનો વ્યાપ, ખાસ કરીને કિશોરોમાં એ વૈશ્વિક છે. **PECA**ના કાયદા દ્વારા તેના જોખમને દૂર કરવામાં સરકારની ભૂમિકા નોંધપાત્ર છે. જો કે, ગ્રાઉન્ડ લેવલ ઉપર અમલીકરણ અંગે કોઈ ફોલો-અપ નથી. અનુપાલનના બહુ ઓછા કિસ્સાઓ છે, જેમ કે જ્યાં કસ્ટમ વિભાગે રમકડાં અથવા અન્ય સામગ્રીના રૂપમાં આવતી ઈ-સિગારેટ જપ્ત કરી છે. તાજેતરમાં, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય (**MoHFW**) એ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તેના નિર્દેશોમાં, ઈલેક્ટ્રોનિક સિગારેટ અધિનિયમ (**PECA**), ૨૦૧૯ના નબળા અમલીકરણ અંગે વાત કરી છે. કારણ કે, ઈ-સિગારેટ ઑનલાઇન સરળતાથી ઉપલબ્ધ છે અથવા શૈક્ષણિક સંસ્થાઓની નજીક છૂટક સ્ટોર્સમાં સ્ટેશનરીની દુકાનોમાં ઉપલબ્ધ છે. રાજ્યોને **PECA**ના પાલનની સમીક્ષા કરવા અને વિશેષ કામગીરી દ્વારા શાળાઓ અને કોલેજોમાં રેન્ડમ ચેકિંગ દ્વારા કાયદાની જોગવાઈઓના અસરકારક અમલીકરણ માટે જરૂરી સૂચનાઓ જારી કરવાનો નિર્દેશ પણ આપવામાં આવ્યો હતો. **MoHFW**ના નિર્દેશો મુજબ રાજ્યોએ **PECA**ને લાગુ કરવાની પહેલ કરી છે. ઉત્તર પ્રદેશના બાળ સંરક્ષણ અને અધિકાર આયોગના અધ્યક્ષે તમામ જિલ્લાઓને **PECA**ના કડક અમલ માટે નિર્દેશો જારી કર્યા છે. બેંગલુરૂ શહેર (કર્ણાટક)ના ક્રાઈમ જોઈન્ટ કમિશ્નરે **PECA**ના કડક અમલ માટે કહ્યું છે અને એવી દુકાનોની સૂચિ પ્રદાન કરી છે જ્યાં ઈ-સિગારેટ વેચાતી હોવાની શંકા છે. દિલ્હી પોલીસે ઈસિગારેટની હાનિકારકતા તેમજ **PECA**ના પાલન ઉપર જાહેર નોટિસ જારી કરી છે, અને નોઈડા અને મુંબઈમાંથી ચાઈના નિર્મિત ઈસિગારેટ જપ્ત કરવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું છે.

ઈ-સિગારેટ અને આવા ઉપકરણો એ બેટરી સંચાલિત પ્રણાલીઓ છે જે ઈન્હેલેશન માટે એરોસોલ બનાવવા માટે પદાર્થને (પ્રવાહી અથવા ઘન સ્થિતિમાં) ગરમ કરે છે, જેમાં નિકોટિન હોય છે અને ઘણી વખત તેમાં અલગ અલગ સ્વાદ પણ હોય છે. નિકોટિન એક વ્યસનકારક પદાર્થ છે અને વ્યાસની તેના પર નિર્ભર બની જાય છે. ઈ-સિગારેટ ડિઝાઈનની રીતે ખૂબ જ આકર્ષક છે, તે આકર્ષક સ્વાદમાં પણ આવે છે (ચોકલેટ, હેઝલનટ, પેપરમિન્ટ, ચીકણું રીંછ, સીઆર મી બ્રુલી, કેરી, ક્રેનબેરી વગેરે) અને તેના ઉપયોગથી પરંપરાગત રીતે ધૂમ્રપાન દરમ્યાન આવતી દુર્ગંધ પણ આવતી નથી. તેથી, યુવાનો, કિશોરો અને બાળકો ખાસ કરીને ઈ-સિગારેટના ઉપયોગ દ્વારા નિકોટિન વ્યસનની શરૂઆત કરવા માટે સંવેદનશીલ હોય છે. ભારતની કેટલીક શાળાઓના અહેવાલો ઉપરથી સ્પષ્ટ થાય છે કે શિક્ષકોને વિદ્યાર્થીઓની બેગમાં ઈ-સિગારેટ મળી આવી હતી. ઈ-સિગારેટનો ઉપયોગ વૈશ્વિક સ્તરે એક "રોગચાળો" બની ગયો છે.

# મોદી સરકાર એવું માને છે કે ચીન સરહદ કટોકટી મુદ્દે અમેરિકા પાસેથી 'નોંધપાત્ર સમર્થન મળશે': રિપોર્ટ

નવી દિલ્હી તા.૫

ભારત-ચીન સીમા વિવાદમાં ભારત અમેરિકાની સીધી સંડોવણી ઈચ્છતું નથી પરંતુ કોઈપણ મોટી આકસ્મિક પરિસ્થિતિઓમાં ભારતીય અધિકારીઓ સંભવતઃ માને છે કે તેઓ અન્ય સંભવિત સરહદ સંકટની સ્થિતિમાં યુનાઈટેડ સ્ટેટ્સ સુધી પહોંચવામાં અને તેનું નોંધપાત્ર સમર્થન મેળવવામાં સક્ષમ હશે. આ અહેવાલના સહ-લેખકોમાંના એક લિસા કર્ટિસ છે, જેમણે ટ્રમ્પ વ્હાઈટ હાઉસમાં રાષ્ટ્રપતિના નાયબ સહાયક અને ૨૦૧૭થી ૨૦૨૧ સુધી દક્ષિણ અને મધ્ય એશિયા માટે રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના વરિષ્ઠ નિર્દેશક તરીકે સેવા આપી હતી. લદ્દાખમાં ચીન સાથે ભારતનું સરહદ સંકટ મે ૨૦૨૦માં શરૂ થયું હતું.

૩૦ માર્ચે **CNAS** ખાતે એક કાર્યક્રમમાં બિડેન નેશનલ સિક્યુરિટી કાઉન્સિલના ઈન્ડો-પેસિફિક કોઓર્ડિનેટર કર્ટ કેમ્પબેલે ભારત-ચીન તણાવ ઉપર થિંક-ટેંકના અહેવાલની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે તેમણે અમલીકરણ માટે રિપોર્ટમાંથી ચોક્કસ નીતિ ભલામણો કરી છે. આ અહેવાલ આ સપ્તાહની શરૂઆતમાં વોશિંગ્ટન ડીસીમાં બહાર પાડવામાં આવ્યો હતો, તે જણાવે છે કે, યુનાઈટેડ સ્ટેટ્સે ભારતને સંપૂર્ણ રાજદ્વારી અને ભૌતિક સમર્થન આપીને ૨૦૨૦ સરહદ સંકટનો જવાબ આપ્યો હતો. યુનાઈટેડ સ્ટેટ્સે ગુપ્ત માહિતી પૂરી પાડી હતી અને બે **MQ-9B** સર્વેલન્સ ડ્રોન અને વિન્ટર ગિયર સહિત સાધનોની ઝડપી ડિલિવરી કરી હતી. યુએસના આ પ્રતિસાદના પરિણામે યુએસ-ભારત સંબંધો વધુ ગાઢ બન્યા છે, અને વરિષ્ઠ ભારતીય અધિકારીઓએ નોંધ્યું છે કે કટોકટી દરમ્યાન ભારત માટે યુએસના સમર્થનની તેની સરહદોનું રક્ષણ કરવાની ભારતની ક્ષમતા ઉપર હકારાત્મક અસર પડી હતી.

૧૫ જૂન, ૨૦૨૦ના રોજ ગલવાન ખીણમાં થયેલી અથડામણના અનુભવના આધારે, આ અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે મોદી સરકાર ગુપ્તચર સહાય અને સાધનોની અપેક્ષા રાખે છે. યુનાઈટેડ સ્ટેટ્સ તરફથી સંયુક્ત કવાયત, વરિષ્ઠસ્તરના સૈન્ય અને સંરક્ષણ પરામર્શ, અને ભારતીય સરહદના દાવાઓને બચાવવાની જરૂરિયાત એ બેઈજિંગની સામે તેની પ્રતિરોધકતાને વધારવા માટે છે. આ રિપોર્ટમાં અમેરિકન નિર્ણય લેનારાઓને ચેતવણી આપવામાં આવી છે કે મોદી સરકાર સ્પષ્ટપણે તેના લોકોને જણાવવા માંગે છે કે યુદ્ધના સમયમાં પણ ભારત એકલા સૈન્ય કામગીરીને સક્ષમ અને સફળતાપૂર્વક સંભાળી શકે છે. ભારત-ચીન બોર્ડર ટેન્શન્સ એન્ડ યુએસ સ્ટ્રેટેજી ઈન ધ ઈન્ડો-પેસિફિક' શીર્ષકવાળા અહેવાલમાં ભારત સાથેની સરહદ ઉપર ચીની આક્રમણને રોકવા અને જવાબ આપવા માટે યુ.એસ. ને આઠ ભલામણો કરવામાં આવી છે. આ ભલામણો પૈકી એક એ છે કે ભારત સાથે સંયુક્ત ગુપ્તચર સમીક્ષાઓ હાથ ધરવા માટે **LAC** ઉપર ચીનની યોજનાઓ અને ઈરાદાઓનું મૂલ્યાંકન કરવું અને ભવિષ્યમાં ભારત-ચીન સંઘર્ષની સ્થિતિમાં આકસ્મિક આયોજન ઉપર ભારતીય અધિકારીઓ સાથે સંકલન વધારવું જોઈએ.


ભારતની રાજકીય વિપક્ષી પાર્ટીઓ નિયમિતપણે મોદી સરકારની દેખરેખ હેઠળ સરહદી વિસ્તારોમાં વિસ્તાર ઉપર નિયંત્રણ ગુમાવવાનો મુદ્દો ઉઠાવે છે. સરકારે સંસદમાં આ વિષય ઉપરના તમામ પ્રશ્નોને નકારી કાઢ્યા છે અને આ મુદ્દે કોઈ ચર્ચા હાથ ધરી નથી. સંરક્ષણ અંગેની સંસદીય સ્થાયી સમિતિના સત્રોમાં તેની ચર્ચા કરવામાં આવી નથી કે ૧૯ જૂન, ૨૦૨૦ પછી વિરોધ પક્ષના રાજકીય પક્ષોની કોઈ સત્તાવાર બ્રીફિંગ કરવામાં આવી નથી. મોદીએ એવો દાવો કર્યો હતો કે ભારતીય ક્ષેત્રમાં કોઈએ ઘૂસણખોરી કરી નથી. જો કે, ગલવાનમાં ૨૦ ભારતીય સૈનિકો માર્યા ગયા હતા.

બીજી ભલામણ ઈચ્છે છે કે યુ.એસ. પાકિસ્તાનને જણાવે અને સંભવિત ભાવિ ભારત-ચીન સરહદ ભડકવાની સ્થિતિમાં પાકિસ્તાનને તટસ્થ રહેવા માટે કહે. ચીન અને પાકિસ્તાન તરફથી બે મોરચાનો સૈન્ય ખતરો ભારત માટે એક દુઃસ્વપ્ન સમાન છે. યુનાઈટેડ સ્ટેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઑફ પીસના નવા વિશેષ અહેવાલ પછી ચીન દ્વારા ઔપચારિક જોડાણોથી દૂર રહેવા છતાં, ચીન-પાકિસ્તાન લશ્કરી ભાગીદારી છેલ્લા એક દાયકામાં નોંધપાત્ર રીતે વધી થઈ છે. બેઈજિંગ પાકિસ્તાનના પરંપરાગત શસ્ત્રો અને વ્યૂહાત્મક પ્લેટફોર્મનું અગ્રણી સપ્લાયર બની ગયું છે. ચીન અને પાકિસ્તાને સંયુક્ત લશ્કરી ક્વાયતોની ગતિને વેગ આપ્યો છે, જેના લીધે જટિલતા અને આંતરકાર્યક્ષમતા વધી રહી છે. વધુને વધુ સુસંગત શસ્ત્ર સપ્લાય ચેઈન્સ અને નેટવર્કડ કોમ્યુનિકેશન સિસ્ટમ્સ દેશોને તેમની સંરક્ષણ ક્ષમતાઓને એકીકૃત કરવાની મંજૂરી આપી શકે છે.

# ફરી ઉપયોગમાં લઈ શકાય તેવા લોન્ચ વ્હીકલનું ઈસરો દ્વારા સફળ પરીક્ષણ કરાયું

નવી દિલ્હી તા.૫

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનને એક મોટી સફળતા મળી છે. **ISRO**ના વૈજ્ઞાનિકોએ **DRDO** અને ભારતીય વાયુસેના સાથે મળીને કર્ણાટકના ચિત્રદુર્ગમાં એરોનોટિકલ ટેસ્ટ રેન્જ ખાતે **RLV LEX**નું સફળ પરીક્ષણ કરવામાં આવ્યુ હતું. ઈસરોના જણાવ્યા અનુસાર આ પુર્નઃ ઉપયોગ કરી શકાય તેવું લોન્ચ વ્હીકલ ઓટોનોમસ લેન્ડિંગ મિશનનુ તાજેતરમાં કર્ણાટકના ચિત્રદુર્ગ ખાતે એટીઆરથી પરીક્ષણ કરવામાં આવ્યું હતું. **RLV**એ સવારે ૭:૧૦ વાગ્યે ઉડાન ભરી અને સવારે ૭:૪૦ વાગ્યે એટીઆર એરસ્ટ્રીપ ઉપર સફળતાપુર્વક લેન્ડ કર્યું હતું. **RLV LEX**ને ભારતીય વાયુસેનાના ચિનૂક હેલિકોપ્ટર દ્વારા લાવવામાં આવ્યું હતું. તેને ૪.૫ કિમીની ઉંચાઈ ઉપર લઈ જવામાં આવ્યું હતું અને ૪.૬ કિમીની રેન્જમાં છોડવામાં આવ્યું હતું. તેના ઉંચાઈ ઉપર છોડ્યા બાદ ફરીથી વાપરી શકાય તેવું લોન્ચ વ્હીકલ ધીમી ગતિએ ઉપડ્યું. થોડા સમય બાદ તે લેન્ડિંગ ગિયર સાથે એટીઆરમાં ઉતર્યુ હતું. **ISRO**ની સાથે **IAF**એ આ પરીક્ષણમાં યોગદાન આપ્યું હતું. **ISRO**ની સાથે ભારતીય વાયુસેના, સેન્ટર ફોર મિલિટરી એરવર્થિનેસ એન્ડ સર્ટિફિકેશન, એરોનોટિકલ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ અને એરિયલ ડિલિવરી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટએ પરીક્ષણમાં યોગદાન આપ્યું હતું.



## લાખો રૂપિયા ખર્ચીને પણ લોકો ગેરકાયદેસર રીતે અમેરિકા જવા માંગે છે

# ડોલર મોંઘો થતાં ગેરકાયદેસર અમેરિકા લઈ જવા માટેનો ભાવ ઊંચકાયો

### ઘૂસણખોરીનો આખો ખેલ જીવલેણ છતાં લોકોને અમેરિકાનું વળગણ, ગેરકાયદેસર રીતે અમેરિકા પહોંચાડવાના એજન્ટના ભાવમાં પણ સીધો વધારો : વ્યક્તિ દીઠ રૂા.૮૫ લાખ માંગી રહ્યાં છે

અમદાવાદ, તા.૫

ગુજરાતીઓની વિદેશ જવાની જીદ જીવલેણ સાબિત થઈ રહી છે. અમેરિકાના મોહમાં હવે ગુજરાતીઓ મોતના રસ્તે જઈ રહ્યાં છે. ફરી એકવાર અમેરિકામાં ગુજરાતીઓની ગેરકાયદે ઘૂસણખોરી સામે આવી છે. ગેરકાયદે ઘૂસણખોરીમાં એક ગુજરાતી પરિવારે જીવ ગુમાવ્યો છે. મહેસાણાના વિજાપુરના ચૌધરી પરિવારના ચાર લોકોના મોત નિપજ્યા છે. અમેરિકામાં ઘૂસણખોરીનો આખો ખેલ જીવલેણ છે. એજન્ટો લાખો રૂપિયા લઈને ગુજરાતીઓની જિંદગી સાથે રમત રમે છે. છતાં દર બીજો ગુજરાતી અમેરિકા જવા માંગે છે. હકીકતમાં આ મોહ અમેરિકાનો નહિ, પરંતુ ડોલરનો હોય છે. છેલ્લાં લાંબા સમયથી ડોલરનો ભાવ ઉંચકાઈ રહ્યો છે. જેની સરખામણીમાં રૂપિયો સાવ બેસી રહ્યો છે. તેથી ગેરકાયદેસર રીતે અમેરિકા પહોંચાડવાના એજન્ટના ભાવમાં પણ સીધો વધારો થઈ ગયો છે. હવે એજન્ટ વ્યક્તિ દીઠ સીધા રૂા.૮૫ લાખ માંગી રહ્યાં છે. અમેરિકા જવાનું ઘેલુ દર બીજા ગુજરાતીને છે. લાખો રૂપિયાના ખર્ચ બાદ પણ લોકો અમેરિકા જવા માંગે છે. ગેરકાયદેસર રીતે અમેરિકામાં જવાની યાતનાઓ પણ બહુ વધારે છે. ગેરકાયદેસર રીતે અમેરિકા પહોંચાડવા માટે થોડા સમય પહેલા ઉત્તર ગુજરાતના લોકો ૬૫ લાખ રૂપિયા આપતા હતા. જેમાં મહેસાણા, કડી, કલોલના લોકો સામેલ હોવાની લોક ચર્ચા છે. પરંતુ આ ભાવ ૯ મહિના પહેલાનો છે. હવે ડોલરનો ભાવ ઉંચકાતા એજન્ટોએ પણ મોઢું મોટું કર્યું છે. ડોલરનો ભાવ પ્રતિ ડોલરે ૮૩ રૂપિયા થતા એજન્ટ હવે સીધા ૮૫ લાખ માંગે છે. ઉંમર પ્રમાણે કેટલો ભાવ : પુખ્ત વયના લોકો માટે ૮૫ લાખ ૧૫ થી ૧૮ વર્ષના કિશોરો માટે - ૧.૫૦ કરોડ પુખ્ત વયના લોકો કરતા કિશોરોનો ભાવ વધારે છે. કારણ કે, તેઓને તાત્કાલિક નાગરિકતા મળી જતી હોય છે. આમાં અમદાવાદથી અમેરિકા પહોંચવા સુધીનો તમામ ખર્ચ એજન્ટ કરે છે. હાલ એજન્ટો ૮૫ લાખ માંગે છે તેવુ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. આ માટે ઉત્તર ગુજરાતમાં લગભગ ૧૦ થી ૧૫ એજન્ટ સક્રિય છે. જેઓ ગેરકાયદેસર રીતે અમેરિકામાં ઘૂસણખોરી કરાવે છે. આમ, ૯ મહિનામાં એજન્ટે સીધા ૨૦ લાખ રૂપિયા વધારી દીધા છે. છતાં વિદેશ જવાનો મોહ ઓછો થયો નથી. કડી, મહેસાણા, કલોલ તાલુકામાં એવા ઘરો જેમાં આખેઆખા પરિવારો વિદેશમાં રહે છે. કહેવાય છે કે ગેરકાયદેસર રીતે અમેરિકા લઈ જવા માટે પહેલા એજન્ટ ૫ લાખ રૂપિયા લેતા હતા. આ બે દાયકા પહેલાનો ભાવ છે. ૨૦ વર્ષ પહેલા ૫ લાખ રૂપિયામાં એજન્ટ અમેરિકામાં ઘૂસણખોરી કરાવતા હતા. પરંતુ બે વર્ષમાં ૮૫ લાખ રૂપિયા થઈ ગયા છે. સરકાર ગમે તેવા કાયદા બનાવી લે કે પછી પોલીસ ગમે તેટલી ભીંસ વધારી દે, ગુજરાતીઓનું બે નંબરમાં અમેરિકા જવાનું કદાચ ક્યારેય બંધ નહીં થાય તેવું પણ સૂત્રો જણાવી રહ્યા છે.

આ ધંધામાં એજન્ટોને તો તગડી કમાણી છે જ, પરંતુ જે લોકો જીવનું જોખમ લઈને અમેરિકા જાય છે તે લોકો પણ ત્યાં સેટલ થયા બાદ સારૂ એવું કમાઈ લેતા હોય છે. એક સામાન્ય તારણ અનુસાર, બે નંબરના રૂટમાં અમેરિકા જતાં મોટાભાગના લોકો ઓછું ભણેલા અને અનસ્કીલ્ડ હોય છે. તેઓ ભારતમાં પણ કંઈ ખાસ કમાઈ શકે તેવી સ્થિતિમાં નથી હોતા. તેવામાં અમેરિકામાં ફુડ ડિલિવરી કે પછી નાના- મોટા સ્ટોર્સ, પેટ્રોલપંપ કે અન્ય જગ્યાઓ પર કામ કરી આ લોકો સારી એવી કમાણી કરતા હોય છે. જોકે, અમેરિકા પહોંચીને પણ રિસ્ક ઝીરો થઈ જાય છે તેવું જરાય નથી. પરંતુ ત્યાં સહી-સલામત પહોંચવું તે કોઈ નાની અને સરળ વાત નથી. ગુજરાતથી અમેરિકા જવા નીકળેલા એક વ્યક્તિને અમેરિકા પહોંચવામાં ક્યારેક છ મહિનાથી પણ વધારે સમય લાગી જતો હોય છે.

# ઈરાનની સંપત્તિને જપ્ત કરવાની અમેરિકાની પરવાનગી ગેરકાયદેસર હતી : વિશ્વ અદાલતે આપ્યો ચુકાદો

તેહરાન, તા.૫

ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (**ICJ**)ના ન્યાયાધીશોએ તાજેતરમાં ઈરાનની તરફેણમાં ચુકાદો આપ્યો હતો કે વોશિંગ્ટનને અદાલતોને ગેરકાયદેસર રીતે ઈરાની કંપનીઓની સંપત્તિ ફ્રીઝ કરવાની મંજૂરી આપી હતી અને યુનાઈટેડ સ્ટેટ્સને વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો જેની રકમ પછીથી નક્કી કરવામાં આવશે રોઈટર્સ અહેવાલ આપે છે. જો કે, તેહરાન માટે એક ફટકો, વિશ્વ અદાલતે જણાવ્યું હતું કે તેની પાસે ઈરાનની સેન્ટ્રલ બેંકની સ્થિર સંપત્તિમાં **$1.75** બિલિયનથી વધુનો અધિકારક્ષેત્ર નથી, જે ઈરાન દ્વારા દાવો કરાયેલી સૌથી મોટી રકમ છે. ગયા અઠવાડિયે સીરિયામાં ઈરાન સમર્થિત દળો અને અમેરિકી કર્મચારીઓ વચ્ચે જેવા સાથે તેવા હુમલા પછી યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચેના ઉગ્ર તણાવ વચ્ચે આ ચુકાદો આવ્યો છે. ઈરાન અને મોટી વિશ્વ શકિતઓ વચ્ચે ૨૦૧૫ના પરમાણુ કરારને પુનર્જીવિત કરવાના પ્રયાસો અટકી ગયા પછી અને રશિયા દ્વારા યુક્રેન વિરૂદ્ધ ઈરાની ડ્રોનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાથી પણ સંબંધો વણસ્યા છે. શરૂઆતમાં તેહરાન દ્વારા ૨૦૧૬માં વોશિંગ્ટન સામે અમેરિકી અદાલતને ઈરાની કંપનીઓની સંપત્તિઓ ફ્રીઝ કરવાની મંજૂરી આપીને ૧૯૫૫ની મિત્રતા સંધિનો ભંગ કરવા બદલ વર્લ્ડ કોર્ટ (**ICJ**) સમક્ષ કેસ લાવવામાં આવ્યો હતો. આ પૈસા આતંકવાદી હુમલાનો ભોગ બનેલા લોકોને વળતર તરીકે આપવાના હતા. ૧૯૫૦ના દાયકાની મિત્રતા સંધિ ઉપર ઈરાનની ૧૯૭૯ની ઈસ્લામિક ક્રાંતિના ઘણા સમય પહેલા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જેણે યુએસ સમર્થિત શાહને ઉથલાવી નાખ્યો હતો અને ત્યારબાદ યુએસ-ઈરાની સંબંધોમાં વિચ્છેદ થયો હતો. વોશિંગ્ટન આખરે ૨૦૧૮માં સંધિમાંથી ખસી ગયું. તેમ છતાં, **ICJ** એ ચુકાદો આપ્યો કે જો તે ઈરાની વ્યાપારી કંપનીઓ અને સંસ્થાઓની સંપત્તિને ફ્રીઝ કરવાના સમયે આ અમલમાં હતું તો વોશિંગ્ટનએ સંધિનું ઉલ્લંઘન કર્યુ. ન્યાયાધીશોએ સમજાવ્યું કે ઈરાનની સેન્ટ્રલ બેંકની **US** દ્વારા રાખવામાં આવેલી **$1.75** બિલિયનની સંપત્તિ ઉપર કોર્ટનો કોઈ અધિકાર ક્ષેત્ર નથી કારણ કે તે બેંક વ્યાપારી સાહસ નથી અને તેથી સંધિ દ્વારા સુરક્ષિત નથી. **ICJ**ના ચુકાદાઓ, સંયુક્ત રાષ્ટ્રની સર્વોચ્ચ અદાલત, બંધનકર્તા છે, પરંતુ તેની પાસે તેનો અમલ કરવાનો કોઈ માધ્યમ નથી.

# ગુજરાતમાં સર્વપ્રથમવાર નેશનલ ફોટોગ્રાફી ફેસ્ટીવલનો આવતીકાલ તા.૬ એપ્રિલથી આરંભ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૫

દેશના ચુનંદા તસ્વીરકારોના ફોટોગ્રાફસ સહિતના ફોટોગ્રાફીના વિવિધ પાસાઓનેઆવરી લેતો નેશનલ ફોટોગ્રાફીફેસ્ટીવલ ગુજરાતમાં સર્વપ્રથમવાર યોજાઈ રહ્યો છે. આ ફેસ્ટીવલ નવજીવન ટ્રસ્ટ કેમ્પસમાંતા.૬ એપ્રિલથી તા.૯ એપ્રિલ૨૦૨૩ દરમ્યાન યોજાશે.

નવજીવન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી વિવેક દેસાઈએ જણાવ્યું હતું કે, નવજીવન ટ્રસ્ટ અને સહયોગી સંસ્થાઓ દ્વારા ગુજરાતમાં સર્વપ્રથમવાર નેશનલ ફોટોગ્રાફી ફેસ્ટીવલનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. તેમાં દેશના જાણીતા ફોટોગ્રાફર્સનો ફોટોગ્રાફી એકિઝબિશન્સ, પોર્ટફોલિયો એકિઝબિશન્સનો સમાવેશ થાય છે.આ ઉપરાંત આ ફેસ્ટીવલમાં સ્ટ્રીટ એન્ડ ટ્રાવેલ ફોટોગ્રાફી વર્કશોપ અને ક્રિયેટીવ નેચર ફોટોગ્રાફી વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

શાહીદુલ આલમ, સુચિ કપુર અને નતાશા રાહેજા, અનુશ્રી ફડનવિસ, પ્રશાં પંજીયાર, સુધારક ઓલ્વે, અમિત દવે, ધ્રિતીમાન મુખર્જી અનેવરૂણઆદિત્ય જેવા ટોચના ફોટોગ્રાફર્સના ફોટોગ્રાફી એકિઝબિશન્સ આ ફેસ્ટીવલમાં જોવામળશે.આ ઉપરાંત શિવાંગ મહેતા, ઈન્દ્રજીત ખાંબે, મનીષ લાખાણી, અનેરી નિહલાની, લોપામુદ્રા તાલુકદાર અને જયેશ જોષી જેવા ફોટોગ્રાફર્સના પોર્ટફોલિયો એકિઝબિશન્સ પણ આ ફેસ્ટીવલનું આકર્ષક પાસુ બની રહેશે.

તા.૭ અને ૮ એપ્રિલ ૨૦૨૩ના રોજ લોપામુદ્રા તાલુકદાર દ્વારા સ્ટ્રીટ એન્ડ ટ્રાવેલ ફોટોગ્રાફી વર્કશોપ અને તા.૮ એપ્રિલ અને તા.૯ એપ્રિલ ૨૦૨૩ દરમ્યાન સૌરભ દેસાઈ દ્વારા ક્રિયેટીવ નેચર ફોટોગ્રાફી વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યું છે. તા.૬થી તા.૯ એપ્રિલ ૨૦૨૩ દરમ્યાન યોજાનારા ફેસ્ટીવલમાં ફોટોગ્રાફર્સના ઈન્ટરેકટીવ સેશન્સ પણ રાખવામાં આવ્યા છે. જેનાથી ફોટોગ્રાફી ચાહકોને આ નિષ્ણાંતોના જ્ઞાન અને અનુભવનો લાભ મળશે. નેશનલ ફોટોગ્રાફી ફેસ્ટીવલ સવારે ૧૧ કલાકથી રાત્રીના ૯ કલાક સુધી જાહેર જનતા માટે ખુલ્લો રહેશે.

# જૂનાગઢ કૃષિના સંશોધન વૈજ્ઞાનિક ડો .એ.એમ.પોલરાને તૃતીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં એવોર્ડ એનાયત



જૂનાગઢ, તા.૫

હરિયાણાના ગુરૂગ્રામ ખાતે ઈન્ડિયન સોસાયટી ઓફ એગ્રીકલ્ચર હોલ્ટિકલ્ચર રિસર્ચ ડેવલોપમેન્ટ જસ્ટ એગ્રીકલ્ચર ગુરૂનામ ટ્રાઈસેનેટરી યુનિવર્સિટી અને ઈન્ડિયન સોસાયટી ઓફ એગ્રીકલ્ચર રિસર્ચ ન્યુ દિલ્હીના ઉપક્રમે તા.૨૯ થી ૩૧ ત્રણ દિવસ કોન્ફરન્સનુંઆયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે ફાર્મ મેનેજર તરીકે ફરજ બજાવતા મદદની સંશોધન વૈજ્ઞાનિક કપાસ સંશોધન કેન્દ્રના ડો.પોલરાને આઈ.સી.એ.આર. ઓલ ઈન્ડિયાના સંશોધન અખતરા અને રાજ્ય લેવલના સંશોધન અખતરા તેમજ સ્ટેશનના સંશોધન અખતરા અને વિવિધ કંપનીના પરીક્ષણના સંશોધન અખતરા અને વિવિધ કંપનીના પરીક્ષણના સંશોધન અખત્રાઓની એગ્રોનોમીની જવાબદારી અને ફાર્મ મેનેજરને જવાબદારીની ઉત્તમ કામગીરી માટે બેસ્ટ ફાર્મ મેનેજરનો એવોર્ડ ઈનોવેટિવ એપ્રોચીસ ઈન એગ્રીકલ્ચર એન્ડ હોર્ટિકલ્ચરમાં એડિશનલ ડાયરેકટર જનરલ આઈસીઆર ન્યુ દિલ્હીના હસ્તે અર્પણ કરવામાં આવેલ હતો.

આ કોન્ફરન્સમાં ડો.આર.એસ.યાદવ( દિન એસજી ટિયુનિવર્સિટી), પ્રો.આર.કે. શર્મા (વાઈસ ચાન્સેલર), ડો.યાદવ એસોસિયેટ ડાયરેકટર એકસટેન્શન કરનાલ, ડો.એસ.કે શર્મા ડાયરેકટર સેન્ટ્રલ સોઈલ સોલીનિટી રિસર્ચઈન્સ્ટિટ્યૂટ અને કાશ્મીર યુનિવર્સિટીના કુલપતિ પ્રો.નઝીર અહેમદ ઉપસ્થિત રહ્યા હતા. ડો.પોલરાને મળેલ ઉચ્ચતર સિદ્ધિ બદલ શુભેચ્છકો દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે.

# વેરાવળમાં મહાવીર જયતિ નિમિત્તે શોભાયાત્રા યોજાઈ

(રાકેશ પરડવા દ્વારા)



વેરાવળ, તા.૫

વેરાવળમાં ગઈકાલે મહાવીર જયંતિ નિમિતે વણિક સમાજ નવીનભાઈ શાહ, ધનપાલભાઈ શાહ, વિપુલભાઈ શાહ, ઉદય શાહ સહીતના આગેવાનોના નેજા હેઠળ હવેલી ચોક ખાતે આવેલ જૈન દેરાસર ખાતેથી ડીજેના તાલ સાથે વિશાળ શોભાયાત્રા નીકળી હતી. આ શોભાયાત્રા શહેરના વિવિધ રાજમાર્ગો ઉપર ફરેલ ત્યારે ઠેર ઠેર સ્વાગત કરવામાં આવેલ હતું. ત્યારબાદ શોભાયાત્રા જૈન દેરાસર ખાતે પૂર્ણ થઈ હતી જયાં સમૂહ પ્રસાદનું પણ આયોજન કરાયેલ જેમાં મોટી સંખ્યામાં જૈન વણિક સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# મહાભારત કાળનો ઘઉંનો દાણો હિમાચલના મંદિરમાં છે

## હિમાચલના જિલ્લા મંડીના કરસોગમાં એક એવુ મંદિર છે, જ્યાં થનારા ચમત્કાર દરેકને પોતાની તરફ આકર્ષિત કરે છે, વિશ્વમાં હિમાચલ પ્રદેશની ઓળખ દેવભૂમિ તરીકે છે



નવી દિલ્હી, તા.૫

વિશ્વભરમાં હિમાચલ પ્રદેશની ઓળખ દેવભૂમિ તરીકે છે. અહીં દરેક મંદિરની સાથે એક રસપ્રદ વાર્તા જોડાયેલી છે. દરમિયાન એક વાર્તા એવી છે જે આજકાલ નહીં પરંતુ મહાભારત કાળ સાથે જોડાયેલી છે. હિમાચલના જિલ્લા મંડીના કરસોગમાં એક એવુ મંદિર છે, જ્યાં થનારા ચમત્કાર દરેકને પોતાની તરફ આકર્ષિત કરે છે. કરસોગનું મમલેશ્વર મંદિર દેશ-પ્રદેશના લોકો માટે આસ્થાનું કેન્દ્ર છે. ઉલ્લેખનીય છે કે મહાભારત કાળમાં અજ્ઞાતવાસ દરમિયાન પાંડવ ત્યાં જઈને પણ રોકાયા હતા. ત્યાં માન્યતા છેકે ત્યાં પાંડવોએ ઘઉંની ખેતી કરી અને આજે પણ ઘઉંનો એક દાણો આ મંદિરમાં રાખવામાં આવ્યો છે. આ ઘઉંના દાણાનું વજન ૨૫૦ ગ્રામ છે. આ મંદિરમાં એક વિશાળકાય ઢોલ પણ છે. માન્યતા છે કે નવરાશના સમયે મહાબલી ભીમ આ વિશાળકાય ઢોલને વગાડતા હતા. આ સિવાય મંદિરમાં સ્થાપિત પાંચ શિવલિંગો વિશે માન્યતા છે કે પાંડવોએ જ તેને ત્યાં સ્થાપિત કરી છે. મંદિર પણ મહાભારત કાળનું જ જણાવાઈ રહ્યુ છે. મમલેશ્વર મહાદેવનું મંદિર ભગવાન શિવ અને માતા પાર્વતીને સમર્પિત છે. જિલ્લા મંડીના કરસોગ સ્થિત મમલેશ્વર મંદિર જવા માટે ભકત હિમાચલ પહોંચીને મંડી અને શિમલા બંને માર્ગોથી કરસોગ પહોંચી શકે છે. મમલેશ્વર મહાદેવનું મંદિર કરસોગ બસ સ્ટેન્ડથી માત્ર બે કિલોમીટર દૂર છે. ભગવાન રામ જયારે રાવણને હરાવીને લંકાથી અયોધ્યા પાછા ફર્યા ત્યારે તેની જાણકારી આ વિસ્તારમાં થોડીવાર બાદ પહોંચી. જાણકારી મોડી પહોંચવાના કારણે ત્યાં તેની ઉજવણી લગભગ એક મહિના બાદ કરવામાં આવી. આજે હજારો વર્ષ પસાર થયા બાદ પણ મમલેશ્વર મહાદેવમાં વૃદ્ધ દિવાળીનું ખાસ મહત્વ છે. વૃદ્ધ દિવાળીના દિવસે ત્યાં દેવી-દેવતાઓનું અનુષ્ઠાન થાય છે. આ ખાસ અનુષ્ઠાનમાં લોકોની સમસ્યાઓ ઉકેલવામાં આવે છે.

# સાઉદીઅરેબિયા જતા હજયાત્રીઓ માટે કરવામાં આવી ફોરેક્સ કાર્ડની સુવિધા, હજ ૨૦૨૩ કેશલેસ

નવીદિલ્હી,તા.૫

કેન્દ્રીય લઘુમતી બાબતોનું મંત્રાલય હજ ૨૦૨૩ માટે ઘણા ફેરફારો કરવામાં વ્યસ્ત છે. આ શ્રેણીમાં, મંત્રાલયે તેની હજ નીતિમાં હજ સમિતિને વિદેશી મુદ્રા વિદેશી ચલણ માટે આપવામાં આવતી રકમ પર પ્રતિબંધ મૂક્યો હતો, પરંતુ હવે તેની જગ્યાએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાને નોડલ સ્થાન બનાવવામાં આવશે, અને ફોરેક્સ કાર્ડ, વિદેશી મુસાફરી કાર્ડ જેવી સુવિધા ઉપલબ્ધ થશે. અને આપવામાં પણ આવશે. આ સુવિધા હેઠળ હજ ૨૦૨૩ને કેશલેસ બનાવવાનો પ્રયાસ છે, અને સાથે જ સાઉદી અરેબિયા જતા હજયાત્રીઓને ૨૧૦૦ રિયાલ એટલે કે લગભગ ઈ૫૦૦ના બદલે ૧૦,૦૦૦ ડોલર સુધી ખર્ચ કરવાની અને કાર્ડ રિચાર્જ કરવાની સુવિધા મળશે. વધુ પૈસા. પણ કરી શકાય છે. લઘુમતી બાબતોના મંત્રાલયે તીર્થયાત્રીઓને વિદેશી હૂંડિયામણની સુવિધા પૂરી પાડવા માટે વિશેષ વ્યવસ્થા કરવા માટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) સાથે ભાગીદારી કરી છે. અગાઉના વર્ષોથી વિપરીત, જ્યારે દરેક યાત્રાળુને તેની વાસ્તવિક જરૂરિયાતોને ધ્યાનમાં લીધા વિના, હજ કમિટી ઓફ ઈન્ડિયા દ્વારા ૨૧૦૦ રિયાલ આપવામાં આવતા હતા. હજ નીતિ ૨૦૨૩ હવે હજયાત્રીઓને તેમના પોતાના વિદેશી હૂંડિયામણની વ્યવસ્થા કરવા અથવા ઓછું વિદેશી વિનિમય લેવાનો વિકલ્પ અને સુગમતા આપે છે. સૌથી વધુ સ્પર્ધાત્મક દરે યાત્રાળુઓને વિદેશી હૂંડિયામણનો પુરવઠો સુનિશ્ચિત કરવા માટે સરકારે SBI સાથે સહયોગ કર્યો છે. ભારતભરમાં ૨૨,૦૦૦ થી વધુ શાખાઓ ધરાવતી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) સાઉદી અરેબિયામાં તેમના રોકાણ દરમિયાન તમામ યાત્રાળુઓને તેમની જરૂરિયાતો પૂરી કરવા માટે વિદેશી વિનિમય (FOREX) અને ફરજિયાત વીમાની સુવિધા આપશે. આ અંગે બેંક એસએમએસ દ્વારા યાત્રાળુઓ સુધી પહોંચશે. વિદેશી ચલણ (FOREX) કાર્ડની સુવિધા પણ તમામ યાત્રાળુઓને પૂરી પાડવામાં આવી રહી છે, જેનાથી રોકડ (ભૌતિક) ચલણની ચોરી અથવા ખોટ થવાની શક્યતાઓ દૂર થાય છે.

જો આ કાર્ડ યાત્રા દરમિયાન ખોવાઈ જાય તો પણ યાત્રાળુને તેના પૈસા બેંકમાંથી પરત મળી શકે છે. તેમજ SBI યાત્રાળુઓને રોકડ અથવા ફોરેક્સ કાર્ડ દ્વારા વિદેશી હૂંડિયામણ મેળવવા અને જરૂરી માર્ગદર્શન અને સહાય પૂરી પાડવા માટે યોગ્ય સ્તરના સમર્પિત ફોકલ પોઈન્ટ્સ/નોડલ અધિકારીઓ સાથે તમામ પ્રસ્થાન સ્થળો પર સ્ટોલની જોગવાઈ કરશે. SBI દ્વારા એક હેલ્પલાઈન સંચાલિત કરવામાં આવશે અને આ નોડલ અધિકારીઓની સંપર્ક વિગતો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. હજ ૨૦૨૩ માટે, લઘુમતી બાબતોના મંત્રાલયે ભારતીય યાત્રાળુઓ માટે હજ યાત્રાને વધુ આરામદાયક, સુવિધાજનક અને સસ્તું બનાવવા માટે ઘણી પહેલ કરી છે. યાત્રાળુઓની પસંદગીની પ્રક્રિયાને ઉદ્દેશ્યપૂર્ણ, પારદર્શક, કાર્યક્ષમ, સમયબદ્ધ અને માનવ સંડોવણી વિના બનાવવા માટે સમર્પિત પ્રયાસો પણ કરવામાં આવ્યા છે. હજ માટેની અરજી અને હજયાત્રીઓની પસંદગી ઓનલાઈન કરવામાં આવી હતી. પ્રાપ્ત થયેલ કુલ ૧.૮૪ લાખ અરજીઓમાંથી, ૧૪,૯૩૫ હજ અરજદારોને કન્ફર્મ ફાળવણી આપવામાં આવી છે.

# મસાલા, દૂધ, અનાજના ભાવ વધારાએ ખોરવ્યું મધ્યમ વર્ગનું બજેટ



અમદાવાદ,તા.૫


હાલમાં ગુજરાતમાં બારમાસી મસાલા અને અનાજ ભરવાની સિઝન ચાલી રહી છે. મરચું, ધાણાજીરું પાવડર, જીરું, હળદર તેમજ અન્ય મરી મસાલાની સાથે સાથે ઘઉં ભરવાની સિઝન પણ ચાલી રહી છે. જોકે તમામ અનાજ તથા મસાલામાં આ વખતે ૨૦થી ૧૦૦ ટકા સુધીનો ભાવ વધારો ઝીંકાતા મધ્યમ વર્ગ માટે બારમાસી અનાજ અને મસાલા ભરવાનું આકરું બની ગયું છે.ત્યારે એક તરફ હાલમાં ઘઉં ભરવાની સિઝન ચાલી રહી છે અનેતેદરમિયાન ઘઉંના ભાવમાં અતિશય વધારો થતા લોકોના બજેટ ઉપર અસર પડી છે તો સાથે જ ભાવ વધતા લોકો જરૂરિયાત સામે ઓછા ઘઉંની ખરીદી કરી રહ્યા છે. તો કેટલાક લોકો વિચારી રહ્યા છે કે ઘઉં ખરીદવા કે નહીં? વેપારીઓના જણાવ્યા પ્રમાણે બજારમાં વિવિધ પ્રકારના મળીને દસથી વધુ અલગ અલગ પ્રકારના ઘઉં મળી રહ્યા છે. જેમાં સૌથી વધારે લોકો દાઉદખાની, એમ. પી. શરબતી ટુકડી અને રજવાડી ઘઉંની ખરીદી કરતા હોય છે. તેમાં ઘઉમાં ૨૦%થી લઈને ૧૦૦ ટકા સુધી ભાવ વધારો નોંધાયો છે. જેમાં ૧૦૦ કિલોના ઘઉંના ભાવ જોઈએ તો દાઉદખાની ઘઉંમાં એક વર્ષ પહેલાં ૩૦૦૦થી લઈને ૩,૫૦૦ જેટલો ભાવ હતો. જે હાલ ૫૦૦૦થી ૬,૦૦૦ સુધી પહોંચી ચૂક્યો છે.વેપારીઓના જણાવ્યા પ્રમાણે માલ અછતના કારણે ભાવ વધ્યાનું વેપારીએ નિવેદન આપ્યું હતું. મવાઠાને કારણે બજારમાં પૂરતો જથ્થો ઠલવાયો નથી તેના કારણે ભાવમાં વધારો થયો છે. એક તરફ શહેર અને રાજયમાં ગરમીની શરૂઆત થઈ છે તો રાજયમાં કમોસમી વરસાદ અટકવાનું નામ નથી લઈ રહ્યો.આગામી વરસાદની આગાહીને પગલે પણ વેપારીઓ એવી આશંકા સેવી રહ્યા છે કે હજી પણ ઘઉના પાકને નુકસાન થઈ શકે છે. ઘઉંને નુકસાન થાય અને આવકમાં અછત સર્જાય તો ભાવમાં હજી પણ વધારો થઈ શકે છે.



ઉનાળાની ગરમીમાં માટીના માટલાની ખરીદી વધારે થાય છે ત્યારે વેપારીઓ માટલાનો સ્ટોક વધારી રહ્યા છે.



પપ્પા સ્કુલમાં મીસ એટલું બધું હોમવર્ક આપે છે કે, એની ચિંતામાં હું સુખેથી ભોજન પણ નથી કરી શકતો !



અંદરો-અંદર ઝગડો ન કરો, આ અઠવાડીયે પપ્પા મારૂ હોમવર્ક કરી આપશે અને આવતા અઠવાડીયે મમ્મી !

# સર્વર ડાઉનના બહાને અનેક બેંકોએ પાર્ટીના ખાતામાં રકમ જમા ન આપી

(પ્રતિનિધિદ્વારા)

જૂનાગઢતા.૫

૨૪ કલાકમાં રકમ જમા આપી દેવાનો નિયમ છે, છતાં સર્વર ડાઉનના બહાનું બતાવી અનેક બેંકોએ પાર્ટીના ખાતામાં નાણાં જમા આપ્યા નથી. જેના કારણે ગ્રાહકોના કરોડો રૂપિયા બેંકમાં ફસાયા છે. ત્યારે આ મામલે નાણાં મંત્રાલય દ્વારા ઉચ્ચકક્ષાએથી તપાસ કરવામાં આવે તેવી માંગ કરાઇ છે. આ અંગે શહેરના વકિલ અશ્વિનભાઈ મણિયારે જણાવ્યું હતું કે, ૩૧ માર્ચના સાંજના ૫ થી ૯ તમામ સર્વરો ડાઉન હતા અથવા ટેક્નિકલ ક્ષતિ હતી. જેના કારણે પાર્ટીને બેંક થ્રુ ઓનલાઈન નાણાં મોકલીએ ત્યારે પૈસા મળ્યાનું કન્ફર્મેશન મળી જતું હતું પરંતુ સામેની બેંક દ્વારા આવી રકમો જમા આપેલ નહતી. એજ રીતે ૧ એપ્રિલના ઓનલાઈન ટ્રાન્સફર કરેલી રકમોપણ જમા આપવામાં આવી ન હતી. આ સંજોગોમાં રૂપિયા ન ગ્રાહકોના ખાતામાં જમા હોય, નજેને પેમેન્ટ મોકલવાનુંછે તેપાર્ટીના ખાતામાં જમા હોયતો સરવૈયા મેળવવા કઇ રીતે? ત્યારે આ મામલે નાણા મંત્રાલય દ્વારા ઉચ્ચસ્તરેથી તપાસ થવી જરૂરી છે, કે કોઇપણ પ્રકારની રમત તો થતી નથીને? ઉપરાંત બેંકો કોઇ પ્રકારે બહાના બતાવી રકમ જમા આપતી નથી તો આવી કેટલા કરોડની રકમ વર્ષ દરમ્યાન અને માર્ચ એન્ડીંગમાં સલવાયેલી રહે છે ? આના આંકડા પણ આપવા જોઇએ. માનીલો કે ૫ લાખ ટ્રાન્સફર કર્યા અને આ રકમ બેંકમાં જ સલવાઇ રહે પાર્ટિને ન મળે તો કેશ ઓન હેન્ડ અથવા બેંકમાં જમા રકમના આંકડામાં ડિફર થવાની શક્યતા છે.

# જૂનાગઢમાં વહેલી સવારે આકાશમાં વાદળો ઘેરાયા : હવામાનમાં ફેરફાર

જૂનાગઢતા.૫

સૌરાષ્ટ્રમાં એક અઠવાડીયાથી કમોસમી વરસાદે વિરામ લીધા બાદ ગઈકાલે અચાનક વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને ગોંડલ, વિરપુર, જસદણ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ભારે પવન સાથે કમોસમી વરસાદ વરસ્યો હતો અને અનેક વિસ્તારોમાં પણ કરાનો વરસાદ પણ થયાના અહેવાલ છે. દરમ્યાન આજે વહેલી સવારે જૂનાગઢ અને સોરઠ પંથકમાં પણ હવામાનમાં પલ્ટો આવતા ઠંડકતા પ્રસરી ગઈ હતી તેમજ આકાશમાં વાદળો ઘેરાયા હતા અને વરસાદી છાંટણા કેટલાક સ્થળોએ પડયા હતા. ચૈત્ર માસ એટલે વરસાદની મોસમ શરૂ થાય તે પહેલાના સમયગાળામાં વાદળો ઘેરાવાનો માહોલ હોય છે. ચૈત્રના દનૈયા પુરા ભરાય અને ત્યારબાદ જેઠ અષાઢમાં વરસાદ તુટી પડે.

# ભેંસાણમાં અગાઉના મનદુઃખે ધારીયું, લાકડી, છરી વડે હુમલો : બે સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૫

જૂનાગઢ જીલ્લાના ભેંસાણ ખાતે ગઈકાલે બનેલા એક બનાવમાં અગાઉના મનદુઃખનો ખાર રાખી અને ધારીયું, લાકડી તથા છરી વડે હુમલાનો બનાવ બનવા પામેલ છે. જે અંગે બેસામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ બનાવ અંગે ભેંસાણ પોલીસે આપેલી વિગત અનુસાર ભેંસાણ તાલુકાનવી ધારી ગુંદાળી ખાતે રહેતા કાજલબેન જેઠાભાઈ રાઠોડ(ઉ.વ.૩૨)એ અભિષેક ગઢવી રહે.ભેંસાણ તથા રાજ રબારી રહે.જૂનાગઢ વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદીના માસીયાઈ ભાઈ જીતેન્દ્રભાઈ તથા ફરિયાદીના ભાઈ અક્ષય સાથે આશરે એક માસ પહેલા આરોપી નં-૧ નાને બોલાચાલી ઝઘડો થયેલ હોય જેનું મનદુઃખ રાખી ફરિયાદી તથા તેના પતિ ફરિયાદીના ભાઈના ઘરે હતા અને આરોપી નં-૧ ફરિયાદીના માસીયાઈ ભાઈ મહેન્દ્રભાઈ સાથે બોલાચાલી કરી ભુંડી ગાળો દેતો હોય જેથી ફરિયાદી આરોપીને સમજાવતા તેણે ફોન કરી આરોપી નં-૨ને બોલાવતા આરોપી નં-૨એ ધારીયું આરોપી નં-૧ને આપેલ અને આરોપીઓએ ફરિયાદીને બેફામ ભુંડી ગાળો દઈ જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી અને મારી નાખવાની ધમકી આપી ફરિયાદીના માસીયાઈ ભાઈ સાથે ઝપાઝપી કરતા જેથી ફરિયાદી તથા તેના પતિ વચ્ચે પડતા ફરિયાદીને ગરદનના ભાગે અને તેના પતિને ડાબા હાથમાં ઈજા પહોંચાડી અને બંનેએ એકબીજાને મદદગારી કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા ભેંસાણ પોલીસે આરોપી વિરૂધ્ધ વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ એસટીએસસી સેલના ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિકારી ડી.વી. કોડીયાતર ચલાવી રહ્યા છે.

# જૂનાગઢમાં પંચહાટડી ચોકમાં આવેલ પંચમુખી હનુમાન જયંતિની ભવ્ય ઉજવણી થશે



(નિલેશ નશ્વાણી દ્વારા)

જૂનાગઢતા. ૫

જૂનાગઢનાં પંચહાટડી ચોકમાં આવેલ પંચમુખી હનુમાન દાદાનું મંદીર ખુબ જ પ્રાચીન છે. તે મંદિર નવાબી શાસન દરમ્યાન ત્યાં સ્મશાન આવેલ હતું તેથી સ્મશાનીયા હનુમાન તરીકે પણ ઓળખાય છે. આ મંદિરમાં રોજ વેપારીઓ પોતાનાં રોજગાર-ધંધા ઉપર જતા પહેલા હનુમાન દાદાનાં દર્શન કરી અને ધન્યતા અનુભવે છે. આ મંદિર સર્વ ભકતજનોની મનોકામના પૂર્ણ કરે છે. તેમજ રોગ, કલેશ, કરજ બધામાં આ મંદિરમાં દર્શન કરવાથી મુકિત મળે છે. તા. ૬-૪-૨૩ ગુરૂવારનાં રોજ હનુમાનજયંતિનાં પર્વ નિમિત્તે હનુમાન દાદાને અન્નકુટનાં દર્શન અને થાળ ધરવામાં આવશે. તેમજ મહાઆરતી થશે. આ દર્શન સવારનાં ૧૦થી રાત્રીનાં ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે તેમ પંચમુખી હનુમાન દાદા મંદિરનાં મહંત વસંતગીરી બાપુની યાદીમાં જણાવેલ છે.

# અમદાવાદ ખાતે યોજાયેલી એથ્લેટીક સ્પર્ધામાં જૂનાગઢની સીનીયર સિટીઝન બહેનોએ મેળવ્યા પારીતોષીક




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૫

તા.પહેલી અને બીજી એપ્રિલના રોજ શનિ-રવિ જી-૨૦ અને વિશ્વ મહિલા દિવસના ઉપલક્ષમાં પહેલી વખત ગુજરાત સરકાર દ્વારા આયોજિત દોડ, કુદ અને ફેકની રાજયકક્ષાની એથ્લેટિક સ્પર્ધા અમદાવાદ મુકામે યોજાયેલ હતી. ગુજરાતના બધા જિલ્લામાંથી સિનિયર સિટીઝન બહેનોએ ભાગ લીધો હતો. આખા રાજયમાં કુલ ૩૨ મેડલનું વિતરણ થયું હતું. તેમાંથી પાંચ મેડલ જૂનાગઢે મેળવ્યા છે. તેમાં જૂનાગઢના બહેનોએ બે ગોલ્ડ મેડલ તથા ત્રણ બ્રોન્ઝ મેડલ મેળવીને જૂનાગઢનું બહેનોએ ગૌરવ વધાર્યું હતું. મહિલા સિનિયર સિટીઝન રાજય કક્ષાની એથ્લેટિક સ્પર્ધામાં જૂનાગઢના ખેલાડીઓ વિજેતા બન્યા છે. જેમાં આશાબેન ગાંધી-૩૦૦૦ કિલોમીટર વોકિંગમાં ગોલ્ડ મેડલ અને બરછી ફેકમાં બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. હંસાબેન ખાનપરા-૧૫૦૦મીટર દોડમાં બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. પાઘડાર રંજનબેન-૮૦૦ મીટર દોડમાં બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. રમાબેન ગરાળા - ઉંચી કૂદમાં ગોલ્ડમેડલ મેળવે છે. સંતોષબેન મુન્દ્રા-ચક્ર ફેકમાં ચોથો નંબર મેળવે છે. વિજેતા ખેલાડીઓને માસ્ટર ખેલ કુદ મંડળ પરિવારના પ્રમુખ ઈકબાલભાઈ મારફતિયા, સફીભાઈ દલાલ, ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, જિલ્લા રમત વિકાસ અધિકારી ગૌરાંગ નરેએ ટીમના કોચ હારૂનભાઈ વિહળ, ટીમ મેનેજર રાજેશભાઈ ગાંધી ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવેલ છે તેમ માસ્ટર ખેલકૂદ મંડળના જનરલ સેક્રેટરી હારૂનભાઈ વિહળની યાદી જણાવે છે.

# જૂનાગઢની ફેમીલી કોર્ટનો ચુકાદો : સ્ત્રી અરજદારની ભરણપોષણની અરજી નામંજુર

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૫

જૂનાગઢનાં ઝાંઝરડા ખાતે રહેતા માયાબેને રાજકોટ મુકામે તેમનાં પતિ મનીષભાઈ ડાભી સાથે મતભેદો થતાં માયાબેન પોતાનાં ત્રણ સગીર બાળકોને લઈને તેમનાં માવતર આવતા રહેલ હતાં. બાદમાં પતિ મનીષભાઈએ પોતાનાં ત્રણ સગીર બાળકોનાં કલ્યાણને કારણે જૂનાગઢનીફ કોર્ટમાં બાળકોનો કબ્જો મેળવવા માટે કેસ દાખલ કરેલ હતો. આ કેસમાં તેમનાં પત્નિએ ભરણપોષણ મેળવવા માટે અરજી દાખલ કરેલ હતો. પતિ પક્ષો મેંદરડાનાં વકીલ સરેશભાઈ પરમારે માયાબેનની અરજીનો વિરોધ કરતા લેખીત વાંધા રજુ કરેલ હતાં. બાદમાં કોર્ટે બંને પક્ષોને સાંભળ્યા હતાં અને પત્ની પક્ષે રજુ થયેલ ભરણપોષણની અરજી નામંજુર કરવાનો કોર્ટે હુકમ કરેલ હતો.

# જૂનાગઢમાં વસતાં સમસ્ત પ્રજાપતિ સમાજનાં શિક્ષક ભાઈ-બહેનોનો પરિચય મિલન સમારોહ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

જૂનાગઢમાં સમસ્ત પ્રજાપતિ સમાજના હાલ નોકરીમાં કાર્યરત શિક્ષક ભાઈ-બહેનો માટે પરિચય મિલન સમારોહ અને શિક્ષણલક્ષી ઉપયોગી મહત્વનાં યોગદાન માટેનો કાર્યક્રમ આગામી તા. ૮-૪-૨૦૨૩ને શનિવારે ૫ વાગ્યાથી શાંતેશ્વર-જોષીપરા શ્રી સોરઠીયા પ્રજાપતિ હીતવર્ધક સમાજની વાડીમાં રાખવામાં આવેલ છે.

# હનુમાનજયંતિઉત્સવનિમીતેદ્વારકાના સુર્યમુખીહનમાનજી મંદિરે આજે બુધવારે રાત્રે ૧૦ વાગ્યે સુંદર કાંડના પાઠ





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૫

યાત્રાધામ દ્વારકામાં ભદ્રકાલીચોક પાસે આવેલ સુર્યમુખી હનુમાનજી મંદિરે હનુમાન જયંતિની નિમીતે ભવ્ય ઉત્સવ ઉજવાશે સુર્યમુખી હનમાનજી મંદિરે આજે બુધવારે રાત્રે ૧૦ વાગ્યે સુંદર કાંડના પાઠનું આયોજન કરાયું છે. તેમજ આવતી કાલે ગુરૂવારના હનુમાન જયંતિના સવારે ૯ વાગ્યે અભિષેક સ્નાન થશે હનુમાન જયંતિ નિમીતે વિશેષ મહાઆરતી સવારે ૧૧ કલાકે થશે સાંજે અક્રોટ આરતી ૫ વાગ્યે થશે અક્રોટ દર્શન સાંજે ૫ થી ૧૦ વાગ્યા સુધી થશે.

# બેટ દ્વારકાનાં હનુમાન દાંડી મંદિરે હનુમાનજીનાં પ્રાગટયોત્સવની આવતીકાલે ઉજવણી



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૫

બેટ દ્વારકાનાં હનુમાન દાંડી મંદિરે હનુમાનજીનો પ્રાગટયોત્સવ ભકિતભાવપૂર્વક આવતીકાલે ઉજવાશે. જેમાં વહેલી સવારે હનુમાનખજીનાં પ્રાગટયોત્સવની આરતી, નૂતન ધ્વજારોહણ, અન્નકુટ મહોત્સવ, મહાપ્રસાદી તેમજ અખંડરામધુન સહિતનાં વિવિધ ધાર્મિક ઉત્સવનો ઉજવણી કરવામાં આવશે.

બેટ દ્વારકામાં આવેલું આ હનુમાનજીનું મંદિર એ વિશ્વનું એકમાત્ર એવું મંદિર છે જયાં પિતા હનુમાનજી તથા તેમનાં પુત્ર મકરધ્વજજી સાથે બિરાજે છે. અહીયા શ્રધ્ધાભાવે કોઈ ભાવિક સોપારીની માનતા રાખે છે તો તેમની માનતા અવશ્ય પૂર્ણ થાય છે. આ વર્ષે પણ આ વિવિધ ઉત્સવોમાં બહોળી સંખ્યામાં ભાવિકો આવનાર હોય વ્યવસ્થા તંત્રએ તડામાર તૈયારીઓ કરી છે જેને આખરી ઓપ અપાઈ રહયો છે. તા. ૫ થી ૭ એપ્રીલ સુધી ત્રિદિવસની અખંડ રામધૂનનું આયોજન પણ કરવામાં આવેલ છે. આજથી વિજયમંત્ર શ્રી રામ જય રામ જયજય રામની અખંડ ધૂનનો પ્રારંભ થશે. તા. ૭મીએ રામધૂનની પૂર્ણાહુતિ થશે. તા. ૬નાં હનુમાન જયંતિનાં દિવસે સવારે ૬.૪૩ કલાકે હનુમાનજી મહારાજનો પ્રાગટોત્સવ સાથે મંગળા આરતી બાદ નિત્યઆરતી તથા નૂતન ધ્વજારોહણ સવારે ૧૦ કલાકે તથા ત્યારબાદ ૧૧ વાગ્યે અન્નકુટ દર્શન મનોરથનું પણ આયોજન કરાયું છે. ભકતગણ માટે બપોરે ૧૨ કલાકથી સમુહ પ્રસાદીનું પણ આયોજન કરાયું છે. આ સમગ્ર ધાર્મિક કાર્યક્રમોનો લાભ લેવા લેવા હનુમાન દાંડી મંદિરનાં સંચાલકોએ અનુરોધ કરેલ છે. પ્રાચીન કાલીન લોકવાયકા મુજબ બ્રહ્મચારી મહારાજનાં બે વરદાન અને હનુમાનજીનાં સાક્ષાત દર્શન થયાની કથાઓ પ્રચલિત છે. હાલમાં પણ ભાવિકો અહીયા હનુમાનજીની શ્રધ્ધાભાવે ભકિત કરે છે તેની મનોકામના અવશ્ય પૂર્ણ થાય છે.

# જામકંડોરણામાં હનુમાન જન્મોત્સવ નિમિત્તે સંકટ મોચન શ્રી હનુમાન મંદિરનાં લાભાર્થે રાત્રે ભવ્ય લોક ડાયરો યોજાશે

(હરપાલસિંહ દ્વારા)

જામકંડોરણા તા.૫

જામકંડોરણામાં ગઢ પાસે બારીનાં નાકે હનુમાન દાદાનું પોરાણીક મંદિર આવેલું છે. જયાં દર શનિવારે બટુક ભોજન કરાવવામાં આવે છે. આ વર્ષે હનુમાન જયંતી નિમિતે મંદિરનાં લાભાર્થે ભવ્ય લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગાયક કલાકાર ગોવિંદભાઈ વેષ્ણવ, જયભાઈ સોની, ગીતાબેન ગોંડલિયા ડાયરામાં રમઝટ બોલાવશે. સાહિત્યકાર ભાયાભાઈ પણ ઉપસ્થિત રહેશે. જામકંડોરણાની ધર્મપ્રેમી જનતાને પધારવા ભાવભર્યુ જાહેર આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# કેશોદની પ્રોફેસર એકેડમી તથા ન્યુ એરા પ્રોફેસર એકેડમી દ્વારા શાળાનો વાર્ષિક ઉત્સવ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

કેશોદતા.૫

કેશોદની જાણીતી સંસ્થા ન્યુ એરા પ્રોફેસર એકેડમી શાળા દ્વારા શાળાના વાર્ષિક દિન પ્રસંગે એક રંગારંગ કાર્યક્રમ તથા શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં એક સ્કીલ ડેવલોપમેન્ટ થાય તેવા ઉમદા ભાવ સાથે વિદાર્થીઓ દ્વારા સંચાલિત ફુડ ઝોન મેળાનું આયોજન કરવામાં આવેલ હતું.

# કોડીનાર શહેરના જીન પ્લોટમાં રહેતા સૈયદ તોફીકબાપુ સીરાજીની લાડકવાયી દીકરી નુરેન ફાતેમાએ માહે રમજાનનો પહેલો રોજો રાખી ખુદાની બંદગી કરી



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૫

ગીર-સોમનાથ જિલ્લાના કોડીનાર શહેરમાં રહેતા સૈયદ તોફીકબાપુ સીરાજીની લાડકવાયી દીકરી નુરેન ફાતેમાએ(૩ વર્ષ)ની નાની ઉંમરે ભર ઉનાળે રમજાન શરિફનું પોતાના જીવનમાં પહેલું રોજુ રાખ્યું હતું અને પહેલો જ રોજો રાખીને અલ્લાહની ઈબાદત કરી હતી. મુસ્લિમ સમાજનો પવિત્ર રમજાન મહિનાની શરૂઆત થઈ છે ત્યારે મુસ્લિમ સમાજના લોકો સવાસ્ના ૪ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધી રોજા રાખીને અલ્લાહની ઈબાદત કરતા હોય છે. તેમાં હવે નાના ભુલકાઓ પણ બાકાત રહ્યા નથી તેઓ પણ રોજા રાખે છે. રમજાન માસની શરૂઆતમાં પહેલો રોજો કોડીનાર શહેરના જીન પ્લોટમાં રહેતા સૈયદ તોફીકબાપુની લાડકવાયી નુરેન ફાતેમાએ જીવનનો પહેલો જ રોજો રાખીને અલ્લાહની ઈબાદત કરી અને હિન્દુસ્તાનમાં કોમી એખલાસ ભર્યું વાતાવરણ અને ભાઈચારા સાથે દેશમાં અમન અને શાંતિ રહે તેવી દુવા માંગી હતી.

# ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ દ્વારા ભાજપ બક્ષીપંચ મોર્ચાનાં પ્રદેશ અધ્યક્ષ મયંક નાયકજીનું સન્માન કરાયું



ભાજપા બક્ષીપંચ મોર્ચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી મયંકભાઈ નાયકજી સૌરાષ્ટ્ર પ્રવાસ દરમ્યાન જૂનાગઢ ખાતે ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ પ્રમુખ ધીરૂભાઈ ગોહિલ, બક્ષીપંચ પ્રદેશ મોર્ચા ઉપાધ્યક્ષ જે. કે. ચાવડા, ટ્રસ્ટી ખજાનચી કિશોરભાઈ ચોટલીયા, કોર્પોરેટર કંચનબેન જાદવ અમુભાઈ ટાંક, રાજુભાઈ ટાંક, અશ્વિનભાઈ જાદવ, અશોકભાઈ સોલંકી મેંદરડા તેમજ જ્ઞાતિ અગ્રણીઓ દ્વારા પુષ્પગુચ્છ તેમજ સાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ હતું.

# ખંભાળિયાની શિવમ સોસાયટીના રહીશો દ્વારા શુક્રવારથી ભાગવત સપ્તાહનું આયોજન

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૫

ખંભાળિયામાં પોરબંદર રોડ ઉપર આવેલી શિવમ સોસાયટીના રહેવાસીઓ દ્વારા આગામી શુક્રવાર તારીખ ૭ થી ૧૪ એપ્રિલ સુધી શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. અહીંના જાણીતા કથાકાર શાસ્ત્રી ચિરાગભાઈ શુક્લના વ્યાસાસને કાનાભાઈ મેરની વાડી ખાતે યોજવામાં આવેલી આ ભાગવત સપ્તાહમાં દરરોજ બપોરે ત્રણથી સાંજે સાત વાગ્યા સુધી કથા શ્રવણનો લાભ લેવા આયોજકો દ્વારા ધર્મપ્રેમી જનતાને અપીલ કરવામાં આવી છે.

# જૂનાગઢનાં ધ્વની શીલુનો જન્મ દિવસ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૫

જૂનાગઢ ખોડીયાર રાઉન્ડનાં ફોરેસ્ટર તરીકે ફરજ બજાવતા બાલકૃષ્ણ અમૃતલાલ શીલુ અને માતંગીબેનનાં સુપુત્રી ચિ. ધ્વનીનો આજે ૧૩મો જન્મ દિવસ છે. ત્યારે આજે સાધુ-સંતો અને આગેવાનો દ્વારા મો. નં.૯૬૨૪૦૫૯૧૬૯ ઉપર શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

## જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર, હર્ષદ વી. દવે, બી.એ.એલ.એલ.બી. એડવોકેટ, રહે. જૂનાગઢ વાળા આથી, અમારા અસીલ શ્રી રામજીભાઈ ભીખાભાઈ બારૈયા રહે. જૂનાગઢવાળાની સૂચના અનુસાર અને તેમના એડવોકેટ તરીકે આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા, તેમજ સંબંધ ધરાવતા તમામને જણાવીએ છીએ કે,

(૧) અમારા અસીલ શહેર જૂનાગઢમાં દુબડી પ્લોટ, સત્યમ એપાર્ટમેન્ટ, પાંજરાપોળ પાસે, તેમની સ્વતંત્ર માલિકી - કબ્જા ભોગવટાના મકાનમાં તેમના કુટુંબ સાથે રહે છે, અને નિવૃત જીવન વિતાવે છે અને તેમની પાસે જે કાંઈ સ્થાવર -જંગમ મિલ્કત છે તે તમામ તેમની સ્વપાર્જીત મિલ્કત છે. અને તેમાં તેમના સિવાય તેમની હયાતી દરમ્યાન અન્ય કોઈપણ કાંઈપણ હક્ક, હિત, હિસ્સો કે લાગભાગ હતો નહી કે છે નહી. જેની તમામ લાગતા વળગતા તેમજ જાહેર જનતાએ નોંધ લેવી.

(૨) શ્રી ભાવેશ રામજીભાઈ બારૈયા, ઉ.વ.આ.૩૦ રહે. જૂનાગઢવાળા મારા અસીલનાં બીજા નંબરનાં પુત્ર થાય છે, અને તેઓ પુખ્ત વયના છે અને જૂનાગઢમાં નોકરી કરે છે, તેમણે તા. ૮-૦૨-૨૦૨૨ના રોજ તેમની રીતે સ્વેચ્છાએ, આર્યસમાજ વિધીથી આંતરજ્ઞાતિય લગ્ન કરેલ છે અને ત્યારથી અમારા અસીલથી અલગ, અમારા અસીલની માલિકીના મકાનમાં નીચેના ભાગમાં અમારા અસીલની ઈચ્છા વિરૂધ્ધ જુદા રહે છે અને ત્યારથી અમારા અસીલનાં કુટુંબ સાથે કે કુટુંબનાં અન્ય કોઈ સભ્યો સાથે કોઈપણ પ્રકારનો સંબંધ કે સામાજીક, આર્થિક કે વ્યવહારીક સંબંધ રાખતા નથી કે છે નહિ, કે તેઓ અમારા અસીલનાં કહ્યામાં નથી, અને સંપૂર્ણપણે સ્વછંદી જીવન જીવે છે, તેમજ મારા અસીલનાં પુત્ર ભાવેશ તેમજ તેમના પત્ની ઉર્મિલાબેન પણ અવાર નવાર કજિયો કંકાસ કરતા રહે છે, અને મારા અસીલને ખોટા કેસમાં સંડોવી દેવાની ધમકીઓ આપે છે, અને પોલીસ ફરીયાદ પણ બંને વચ્ચે થતી રહે છે, તેમજ ગેરકાયદેસર સામાજીક, આર્થિક તેમજ વ્યવહારીક જવાબદારી ઉભી કરતા રહે છે, જેની સાથે અમારા અસીલને કોઈપણ સંબંધ કે નિષ્બત નથી, અને અમારા અસીલનાં કહેવા છતાં મકાન ખાલી કરી અન્ય જગ્યાએ રહેવા જતા નથી.

(૩) જેથી ઉપરોકત તમામ સંજોગો તેમજ પરિસ્થિતિમાં અમારા અસીલે તેમના ઉપરોકત પુત્ર શ્રી ભાવેશ રામજીભાઈ બારૈયા,ને તેમના તમામ પ્રકારનાં સામાજીક, આર્થિક તેમજ વ્યવાહારીક જવાબદારી તેમજ હક્કોમાંથી પુત્ર તરીકેથી અલગ કરેલ છે, સંબંધોથી મુકત કરેલ છે, જેની તમામ લાગતા - વળગતા તેમજ જાહેર જનતાએ નોંધ લેવી.

(૪) જેથી, આ જાહેર નોટીસથી તમામ લાગતા -વળગતા તેમજ અમારા અસીલ સાથે સંબંધો ધરાવતા, જ્ઞાતિજનો તેમજ જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, અમારા ઉપરોક્ત અસીલનાં પુત્ર શ્રી ભાવેશ રામજીભાઈ બારૈયા કે/ અથવા તેમના પત્ની ઉર્મિલાબેન ભાવેશ, સાથે અમારા ઉપરોકત અસીલનાં નામે કોઈપણ પ્રકારનો સામાજીક, આર્થિક, કે વ્યવહારીક વ્યવહાર કે નાણાંકીય લેતી-દેતી કરવી નહી, કે કોઈ વ્યવહાર કરવો નહી, અને કરશે તો તે તેમની અંગત જવાબદારી રહેશે, જેની આથી તમામ લાગતા વળગતાને લેખિત સુચના આપવામાં આવે છે.

આમ છતાં, જો કોઈપણ વ્યકિત કે લાગતા - વળગતા તેમજ અમારા અસીલ સાથે સંબંધો ધરાવતા કે કોઈ જ્ઞાતિજનો, આવો કોઈપણ વ્યવહાર અમારા ઉપરોક્ત અસીલની લેખિત સંમતી સિવાય શ્રી ભાવેશ રામજીભાઈ બારૈયા કે/ અથવા તેમના પત્ની ઉર્મિલાબેન ભાવેશ સાથે કરશે તો તે અંગે અમારા અસીલ કોઈપણ પ્રકારે જવાબદાર રહેશે કે બનશે નહી તેની આથી જાહેર જનતાએ તેમજ, આવો વ્યવહાર કરનાર, વ્યકિત કે લાગતા - વળગતા તેમજ અસીલ સાથે સંબંધો ધરાવતા કે જ્ઞાતિજનોએ ખાસ નોંધ લેવી.

આ જાહેર નોટીસ અમારા ઉપરોક્ત અસીલની સુચના અનુસાર આપવામાં આવેલ છે.

તા. ૦૪-૦૪-૨૦૨૩

જૂનાગઢ

સહીઅવાચ્ય
રામજીભાઈ ભીખાભાઈ બારૈયા

સહીઅવાચ્ય
હર્ષદ વી. દવે (એડવોકેટ)
અસીલની સૂચના અનુસાર

નમો હનુમંતે ભવ્ય ભંજનાથ સુખં કુરૂ ફટ સ્વાહા ।।

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં આવતીકાલે હનુમાન જયંતિની ભાવભેર ઉજવણી થશે







(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં આવતીકાલે ભગવાનશ્રી રામચંદ્રજીનાં પરંમભકત સંકટ મોચન હનુમાનજી મહારાજનાં પ્રાગટય ઉત્સવની ભાવભેર અનો ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે. હનુમાનજીનાં મંદિરોમાં અનેરી સજાવટ સાથે વહેલી સવારથી જ પૂજન, અર્ચન, આરતી, બટુક ભોજન સહિતનાં અનેકવિધ કાર્યક્રમો ઠેર ઠેર યોજવામાં આવશે.

ચૈત્રી પૂર્ણિમા એટલે ચૈત્ર સુદ પુનમ હનુમાન જયંતિનો પાવન અવસર છે ત્યારે તેની ભાવભેર ઉજવણી કરવામાં આવનાર છે. જૂનાગઢ શહેરમાં ટીંબાવાડી રોડ ઉપર આવેલા તાત્કાલીક હનુમાનજી મંદિર ખાતો ગુરૂવારે સવારથી જ ભકતોની દર્શનાર્થે ભીડ જામશે. આ જગ્યાનાં મહંતશ્રીનાં માર્ગદર્શન હેઠળ હનુમાન જયંતિની પૂજન-અર્ચન, આરતી સહિતનાં કાર્યક્રમો સાથે ઉજવણી થશે. હનુમાનજી મહારાજનો તેલ, સીંદુર, અડદનાં દાણા તેમજ પ્રસાદ ધરાવવમાં આવશે. આ ઉપરાંત જૂનાગઢ શહેરમાં આવેલા વિવિધ વિસ્તારોમાં આવેલા હનુમાનજી મહારાજનાં મંદિરોને પણ અનેરી રોશનીથી શણગાર કરવામાં આવી રહેલ છે. અને હનુમાનજીનાં મંદિરોમાં પૂજન, અર્ચન, આરતી સહિતનાં કાર્યક્રમો યોજાશે. જયારે હનુમાનજી મહારાજને જાત જાતનાં ભોગ અને અભિષેક, શૃંગાર, ભજન-કિર્તન વગેરે કાર્યક્રમોનાં આયોજન થયા છે. આ ઉપરાંત જૂનાગઢ શહેરની તદન નજીક આવેલા ભવનાથ ક્ષેત્રમાં આવેલા સુપ્રસિધ્ધ લંબો હનુમાન મંદિર ખાતે પણ હનુમાન જયંતિની ભાવભેર ઉજવણી કરવામાં આવશે. હનુમાનજી જયંતિ પ્રસંગે આવતીકાલે ગુરૂવારે સવારે ૬.૩૦ કલાકે અભિષેક મહાપૂજાનું આયોજન કરેલ છે. ત્યારબાદ સવારે ૮ કલાકે હનુમાનજીનો ચોલાશૃંગાર કરવામાં આવશે. અનો વિશેષમાં સવારે ૧૦ કલાકે હનુમાનજીને પ્રિય એવા ૨૧ હજાર મોદકનાં લાડુનો મહાભોગ અર્પણ કરવામાં આવશે. મહાઆરતી યોજાશે અને લંબે હનુમાનજીનાં મંદિર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ ભવ્ય રીતે હનુમાનજીની ઉજવણી થશે. આ કાર્યક્રમનો ભાવિકોનો લાભ લેવા લંબે હનુમાનજી મંદિરનાં મહંત અર્જુનદાસજી બાપુએ ભાવભર્યુ નિમંત્રણ પાઠવેલ છે.

# જૂનાગઢમાં લોકોની પ્રાથમિક સુવિધાના પ્રશ્નો જાણવા માટે મનપા દ્વારા લોકદરબાર યોજવા માંગ

**રસ્તા, લાઈટ, પાણી, ગટર જેવી અનેક સમસ્યાથી પીડીત એવા જૂનાગઢ શહેરના લોકો પોતાનીદાદ ફરિયાદ અને રજુઆત માટે મનપાની કચેરીએ મોર્ચા માંડે છે અને પ્રજાની ફરીયાદ સાંભળવાનો જૂનાગઢનાં નેતાઓ પાસે સમય જ નથી, આવા નેતાઓને ઘર ભેગા કરી દેવા જોઈએ : દર માસે લોકદરબારમાં જૂનાગઢનાં અનુભવી અને પીઢ નાગરીકોને કમીટીમાં લેવા જોઈએ તેમજ બે સભ્ય પ્રજામાંથી પણ નિમવા જોઈએ**



જૂનાગઢ તા.૫

જૂનાગઢ શહેરના લોકોને પ્રાથમિક સુવિધાના પ્રશ્ને ઘણી બધી મુશ્કેલીઓ સર્જાઈ છે. લાઈટ, પાણી, રસ્તા જેવી પ્રાથમિક સુવિધાના પ્રશ્ને અનેક સામસ્યાઓ છે અને અવાર-નવાર રજુઆતો કરવા છતાં મનપાના સત્તાધિશો દ્વારા યોગ્ય કાર્યવાહી થતી ન હોય તેવી અનેક ફરિયાદો ઉઠવા પામી છે. એટલું જ નહી પ્રાથમિક સુવિધાના પ્રશ્ને લોકો પોતાની રજુઆતનોપડઘો પાડવા મનપા કચેરીએમોરચા માંડતા હોય છે. લોકોની અનેક ફરિયાદ હોવા છતાં જૂનાગઢ મનાપાના સત્તાધિશો લોકોને પ્રાથમિક સુવિધા આપવા ઉણા ઉતરી રહ્યા હોવાની પણ વ્યાપક ફરિયાદ છે. જૂનાગઢ શહેરમાં રસ્તાઓની રામાયણ તો કાયમને માટે રહેલી છે. રસ્તા તુટી જાય અને અનેક રજુઆતો બાદજયાં રસ્તાઓ બનાવવામાં આવે અને આ નવા રસ્તા મળ્યા છે તેનો સંતોષ માનીને લોકો જયાં નિરાતનો શ્વાસ લે ત્યાં જ થોડા સમયમાં ફરી રસ્તા તોડવાની સમસ્યા ઉદભવે.હાલ જૂનાગઢ શહેરમાં વિવિધ વિસ્તારોમાં તૈયાર રસ્તાની બાજુની સાઈડ ખોદી નાખવામાં આવી છે. આ ખોદેલી સાઈડમાં પાઈપલાઈની પાથરવાની કામગીરી અંતર્ગત આ ખોદકામ થઈ રહ્યું છે. ખોદકામ પુરૂ થયા બાદ પાઈપલાઈન પાથરી દેવામાંઆવ્યાબાદ ફકતને ફકત માથે ધુળ અનો ખોદકામ કરવામાંથી જે કસતર નીકળ્યું હોય તે પાથરી દેવામાં આવે છે અને આવી ધગધડા વિનાની કામગીરીને કારણે લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ તો અત્યારે જે પાઈપલાઈન નાખવાની કામગીરી જે ચાલી રહે છે અને ત્યારબાદ રસ્તાઓના સાઈડમાં રહેલી જગ્યાઓની જે હાલત છે તેનું સેમ્પલ દર્શાવવામાં આવેલ છે. આવા તો અનેક પ્રશ્નો રહેલા છે. લોકોની સમસ્યાનો સામજી વિચારી તેમજ તેમનો ઉકેલની દીશા આપવી તે પ્રજાના પ્રતિનિધિઓનું મુખ્ય કર્તવ્ય છે. ચૂંટણી આવે ત્યારે જૂનાગઢના જ મતદારોએ જે તે ઉમેદવારો ઉપર વિશ્વાસ મુકી અને તેનો ખોબલે ખોબલે મત આપી અને ચુંટી કાઢયા હોય છે. પ્રજાના આ પ્રતિનિધિઓ ચૂંટણી પહેલા લોકોને એટલે કે મતદારોને લળી લળીને સલામ કરતા હોય છે. ચૂંટણી પુરી થયા બાદ અને ખાસ કરીને વિજેતા બન્યા બાદ ઉલ્ટી ગીનતી શરૂ થાય છે અને જેમાં ચૂંટણી પહેલા લોકોને લળી લળીને સલામ ભરતા ઉમેદવારો જયારે ચૂંટાઈને જયારે પ્રજાના પ્રતિનિધિ બને છે ત્યારે લોકોએ તેમને સલામ મારવાનો સલામ મારવાનો સમય આવી ગયો તેવું આમજનતા છડે ચોક બોલી રહી છે. જૂનાગઢ શહેરના લોકોની પ્રાથમિક સમસ્યા અને મુશ્કેલી સમજવા માટે જૂનાગઢ મનપાના શાસકો દ્વારા લોકદરબાર યોજવો જોઈએ અને જયાં ઉપસ્થિત લોકો પાસેથી તેની શું ફરિયાદ છે તે સાંભળવી જોઈએ અને ત્યારબાદ મનપા દ્વારા કયારેઆપ્રશ્નના ઉકેલમાટે કામગીરી હાથ ધરવામાં આવશે અને કેટલા દિવસમાં આ કાર્યપુરૂ કરવામાં આવશે તે જણાવવું જોઈએ. અત્યારે તો એટલું જ કહેવાનું કે મનપાના શાસકોએ લોકોની ફરિયાદ સાંભળવા માટે શામળદાસ ગાંધી ટાઉન હોલ ખાતે લોકદરબાર યોજે તેવી અપેક્ષા અને લાગણી આમ જનતા રાખી રહી છે.


**પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન**

**વિવિધ એન્જિનિયરીંગ કામ**

નં. W/118/NIT/E-Tender/2022-23/WA/27 તારીખ 29.03.2023 ડિવિઝનલ ઓફિસ, ભાવનગર પરા વિષય : ઈ-ટેન્ડર નં. 81/2022-23-R1 to 87-2022-23-R ટેન્ડરની વિગતો નીચે પ્રમાણે છે.

| ક્ર.નં. | ઈ-ટેન્ડર સંખ્યા | કામનું નામ | અંદાજીત રકમ (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| 01 | 81/2022-23-R1 | પોરબંદર ખાતે 2.25 લાખ ક્ષમતાની (01 નંગ) [illegible] | ₹ 64,37,736.67 | ₹ 1,28,500.00 |
| 02 | 82/2022-23-R1 | પોરબંદર ખાતે 2.25 લાખ ક્ષમતાની (01 નંગ) [illegible] | ₹ 51,45,747.28 | ₹ 1,08,900.00 |
| 03 | 83/2022-23 | [illegible] 4 માટે મેજર બ્રિજ નં. 09 નું પુનર્વસન કરવાનું કામ. | ₹ 2,30,17,709.03 | ₹ 2,65,100.00 |
| 04 | 84/2022-23 | [illegible] ... નં. 49 [illegible] | ₹ 77,02,475.19 | ₹ 1,35,100.00 |
| 05 | 85/2022-23-R | [illegible] નં. 66, 67 અને 65 (3 નંગ) [illegible] | ₹ 3,52,21,458.30 | ₹ 3,26,100.00 |
| 06 | 86/2022-23-R | [illegible] (16 સ્થળો) [illegible] | ₹ 59,13,189.38 | ₹ 1,18,300.00 |
| 07 | 87/2022-23-R | [illegible] 24 [illegible] | ₹ 53,18,465.00 | ₹ 1,16,400.00 |

ઉપરોકત બધા ટેન્ડરો માટે બીડીંગ શરૂ થવાની તારીખ : 07.04.2023 બીડીંગ બંધ થવાની તારીખ : 21.04.2023 છે. [illegible] તારીખ 29.03.2023ના રોજ [illegible] www.ireps.gov.in પર [illegible] કરવામાં આવી છે. 187

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર,
એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ,
જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital
e_mail : aum.ayurved.hospital@gmail.com



ઓફર...ઓફર...
M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
MI-GL
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



પૂરાં થયાં અઢાર, હવે બનીશું લોકશાહીમાં ભાગીદાર;
મતદારયાદીમાં નામ નોંધાવી અમે પણ બનીશું મતદાર.
કોઈ પણ મતદાર રહી ન જાય
જાગૃત મતદાર, સુદ્રઢ લોકશાહી

મતદારયાદી સુધારણા કાર્યક્રમ
૫ એપ્રિલ થી ૨૦ એપ્રિલ

ચૂંટણી પંચના નવા સુધારા મુજબ જો આપની ઉંમર ૧લી ઓક્ટોબર ૨૦૨૩ સુધીમાં અઢાર વર્ષ થતી હોય તો મતદારયાદીમાં નોંધણી માટે અરજી કરી શકો છો.

જો આપનું નામ મતદારયાદીમાં અગાઉ નોંધાવેલું હોય તો આપની વિગતની ચકાસણી કરી લો અને જો કોઇ ફેરફારની જરૂર હોય તો તેના માટે અરજી કરો.

યાદ રાખો, મતદાન કરવા માટે આપનું નામ મતદારયાદીમાં યોગ્ય રીતે નોંધાયેલ હોય તે જરૂરી છે.
નોંધણી, ચકાસણી કે ફેરફારની અરજી માટે ઓનલાઇન સુવિધા
વોટર હેલ્પલાઇન એપ
www.nvsp.in
અથવા રૂબરૂમાં અરજી આપવા માટે સંપર્ક કરો :
પ્રાંત અધિકારીની કચેરી | મામલતદારની કચેરી | કલેક્ટર કચેરી
વધુ માહિતી માટે આપના બી.એલ.ઓ.નો સંપર્ક કરો અથવા ૧૯૫૦ હેલ્પલાઇન પર ફોન કરો (કચેરી સમય દરમિયાન)
હવે મતદારયાદીમાં આપના નામ સાથે આધાર નંબર લિંક કરવાની સુવિધા ઉપલબ્ધ
મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત
CEOGujarat | CEOGujarat | gujaratceo